પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૫, અંકઃ૫૧, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૧-૧૦-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 51 PRICE :-RS. 1.50 DATE : 21-10-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## સરદાર પટેલ યુનિવર્સિટીના ચકચારી કરોડોના હિસાબી ગોટાળાનો રિપોર્ટ રજુ કરાયો




આણંદ,
યુનિવર્સિટીના મહત્વના રૂપિયા ૩૭.૩૦ કરોડના કૌભાંડ અને બાયો સાયન્સની આગના રિપોર્ટમાં હવે જવાબદારો વિરૂદ્ધ શું પગલાં લેવા તે સિન્ડીકેટ સભ્યો નક્કી કરશે. હિસાબી ગોટાળાનો રિપોર્ટ તથા બાયો સાયન્સની આગનો રિપોર્ટ આગામી ૨૨મી ઓક્ટબર, શુક્રવારે મળનારી સિન્ડીકેટ બેઠકમાં રજૂ કરાશે. જેને પગલે હવે સૌની નજર બેઠક પર રહેશે.વલ્લભવિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના ચકચારી રૂપિયા ૩૭.૩૦ કરોડના હિસાબી ગોટાળાનો રિપોર્ટ યુનિવર્સિટીમાં રજૂ કરી દેવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં સ્પષ્ટપણે તત્કાલિન ઓડિટર, વર્તમાન ચીફ એકાઉન્ટટન્ટ તથા વર્તમાન ઓડિટરની કામગીરી પરત્વેની બેદરકારી હિસાબી ગોટાળા પાછળ જવાબદાર હોવાનો ઘટસ્ફોટ થયો છે. કારણ કે, ત્રણેયની મિલિભગતથી ૧૬૪૯ હવાલા એન્ટ્રીમાં તેઓ દ્વારા કોઈ પણ પુરાવા-વાઉચર વિના ‘એડજસ્ટમેન્ટ એન્ટ્રીઙ્ગ પાડી દઈ હિસાબી ગોટાળા કરાયા છે. આ અંગેની સત્તાવાર સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, યુનિવર્સિટીના રૂપિયા ૩૭.૩૦ કરોડના હિસાબી ગોટાળા વર્ષ ૨૦૧૪-૧૫ના વર્ષના છે. જેમાં યુનિવર્સિટી ઓવન ફંડ-જનરલ ફંડ ઊભું કરી હવાલા એન્ટ્રીઓ દ્વારા રૂપિયા ૨૯.૨૨ કરોડ ઉધાર કર્યા હતા. જ્યારે કેપિટલ ગ્રાન્ટ ફંડ જનરલમાં રૂપિયા ૮.૦૮ કરોડ ઉધાર કર્યા હતા. આમ, બંને મળી કુલ રૂપિયા ૩૭.૩૦ કરોડની જમા બાકી સમગ્ર ગોટાળાની તપાસનો ભાગ બની હતી. આ બાકી રકમ વર્ષ ૨૦૧૯-૨૦ સુધી ‘યુનિવર્સિટી ઓવન ફંડઙ્ગ હેઠળ દર્શાવી હતી. દરમિયાન, ગત મે માસની સિન્ડીકેટ બેઠકમાં સમગ્ર બાબતે કમિટીની નિમણુંક કરી તપાસ કરવાનું નક્કી થતાં હિસાબી ગોટાળાની તપાસ અર્થે નિવૃત જસ્ટીસ ડી. જે. કારીયાના ચેરમેન પદ હેઠળ નિવૃત તિજોરી અધિકારી નરેન્દ્રભાઈ દવે, પ્રોફેસર પી.કે. પ્રિયન, સી.એ. સંજીવ શાહ, અને ચરોતર એજ્યુકેશનના ચેરમેન કેતન પટેલના વડપણ હેઠળ કમિટીની નિમણુંક કરાઈ હતી. કમિટી દ્વારા પાંચ મહિનાની મહેનત બાદ તૈયાર કરાયેલા રિપોર્ટમાં વર્ષ ૨૦૧૪-૧૫માં કરાયેલી કુલ ૫૪૯૬માંથી ૧૬૪૯ હવાલા એન્ટ્રીનો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો. જેમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે, એન્ટ્રીઓ કોઈ ચોક્કસ ફંડને અસર નથી કરતી. પરંતુ જુદા-જુદા ફંડ, સ્થાવર મિલકત, રોકાણ, આવક અને ખર્ચ, ચાલુ મિલકત તથા ચાલુ દેવાને પણ અસર કરે છે. તત્કાલિન ઓડિટર મે. કે.જી. પટેલ અને કું દ્વારા જે એકાઉન્ટસ તૈયાર કરવા માટે કામગીરી સંભાળી હતી, તેમાં તેઓએ જે હવાલા એન્ટ્રી કરી તેમાં પુરતા આધારરૂપ કાગળો રાખ્યા નથી. તથા ઓપનિંગ અને ક્લોઝિંગ બેલેન્સની પણ પૂરતી ચકાસણી કરી નથી. આ ઉપરાંત તત્કાલિન ઓડિટર કે. જી. પટેલ દ્વારા જે એકાઉન્ટસ તૈયાર કર્યા અને તેમાં મુખ્ય હિસાબી અધિકારીએ સહી કરી છે. પરંતુ તેમાં હિસાબી શાખા દ્વારા આપવામાં આવેલા હિસાબ બાકીઓ અને ઓડિટર દ્વારા વાર્ષિક હિસાબોમાં હવાલા નાંખ્યા બાદની બાકીઓમાં તફાવત છે. આમ, તત્કાલિન ઓડિટર કે. જી. પટેલ અને મુખ્ય હિસાબી અધિકારી એ.કે. ભટ્ટ અને ચાલુ ઓડિટર સી.એન.કે એન્ડ એસોસિયેટ્સ દ્વારા સ્પષ્ટપણે નિષ્કાળજી દાખવી હોવાનું ફલિત થાય છે. બાયોસાયન્સની આગનો રિપોર્ટ પણ આગામી ૨૨મી ઓક્ટોબરના રોજ સિન્ડીકેટમાં મૂકવામાં આવશે. જોકે, સમગ્ર મુદ્દે જ્યારે યુનિવર્સિટીના ચીફ એકાઉન્ટટન્ટ એન.કે. ભટ્ટને કમિટી સમક્ષ બોલાવવામાં આવ્યા ત્યારે તેમણે કમિટી સમક્ષ જણાવ્યું હતું કે, મેં તો પ્રીમિયમનો રિપોર્ટ તૈયાર કરી ફાઈલ સબમીટ કરી દીધી હતી. પરંતુ પછીથી પ્રીમિયમ ભરાયું નથી. યુનિવર્સિટી દ્વારા કોઈ પગલાં લેવાયા નહોતા. જોકે, બીજી તરફ કમિટી દ્વારા એલઆઈસીના એજન્ટને બોલાવવામાં આવ્યો હતો. જેમાં તેણે કમિટી સમક્ષ બેથી ત્રણ વખત આવીને પ્રીમિયમ ભરવા માટેનું ફોલ અપ લીધું હોવાનું જણાવ્યું હતું. નોંધનીય છે કે, કમિટી સમક્ષ હિસાબી અધિકારી એન.કે. ભટ્ટે પ્રીમિયમ ભરવાની ફાઈલ સબમીટ કરાવી હોવાનું જણાવ્યું હતું પરંતુ તે ફાઈલ ક્યાં, કોને સબમીટ કરાવી તે સાબિત કરી શક્યા નહોતા. હિસાબી ગોટાળા બાબતને લઈને કમિટી દ્વારા એવું પણ સ્પષ્ટ આંકવામાં આવ્યું છે કે, યુનિવર્સિટીના નાણાંકીય હિસાબો સિન્ડીકેટના માર્ગદર્શન હેઠળ તૈયાર કરીને રાજ્ય સરકારને ઓડિટ માટે આપવા જોઈએ. પરંતુ તેમાં ક્યારેય પણ સ્ટેચ્યુએટરી ઓડિટ અને આંતરિક ઓડિટ માટે કોઈ એક ઓડિટરની નિમણુંક ન કરવી જોઈએ. પરંતુ યુનિવર્સિટીમાં માત્ર એક જ ઓડિટરની નિમણુંક કરાઈ છે. એક ઓડિટરની નિમણુંક કરતાં તે પોતાનો સાચો અભિપ્રાય ન આપી શકે, એમ પણ ઉલ્લેખ કરાયો છે.

## કેદારનાથમાં ફસાયેલા ગુજરાતીઓએ રડતાં રડતાં લગાવ્યા ‘હર હર મહાદેવ’ના નાદ



ઉતરાખંડ,
ઉત્તરાખંડમાં કાતીલ ઠંડી અને બહાર પડી રહેલો અનરાધાર વરસાદથી યાત્રાળુઓ તથા તેમના પરિવારજનોના જીવ તાળવે ચોટી ગયા હતા. ગૌસ્વામીએ વધુમાં જણાવ્યું હતુ કે વરસાદનો કહેર અને યાત્રાળુઓનો ભરાવો જેનો લાભ લઈ હોટલોમાં પણ પાંચ ગણો ચાર્જ વસુલવામાં આવતો તેમજ ૧૦૦ રૂપિયાની વસ્તુના ભાવ એક હજાર વસુલતા અને અને જે ચુકવવા તે યાત્રાળુઓની મજબુરી હતી. ઉતરાખંડ કેદારનાથમાં સતત ૫૦ થી ૫૫ કલાક પડેલા ભારે વરસાદમાં પણ એન.ડી. આર.એફ. ની ટીમ સતત ૨૪ કલાક ખડે પગે રહી યાત્રાળુઓને સહાય ભુત થઈ હતી. ધીરે ધીરે થાળે પડી રહી છે. અને ઈશ્ર્વરે પણ કૃપા કરી છે. કારણ કે આજ સવારથી જ સૂર્યનારાયણના દર્શન થયા છે અને બિસ્માર થયેલા માર્ગોનું પણ યુધ્ધના ધોરણે મરામત ચાલી રહ્યું છે. ઉપરાંત ફરી રાબેતા મુજબ હેલીકોપ્ટર, ડોલી, ઘોડા વગેરેની સેવા પૂર્વવત થઈ છે. અને ફરી ચારધામ યાત્રા પણ શરુ કરવામાં આવી છે. અને રાજકોટ તેમજ સૌરાષ્ટ્ર ગુજરાતના બધા યાત્રાળુઓ ક્ષેમકુશળ છે અને ફરી ચારધામ યાત્રાની આગેકુચ ચાલુ થઈ હોવાનું પણ જાણવા મળ્યું છે. અને અમો પણ સવારે હેલીપેડ દ્વારા ચોથા દિવસે કેદારનાથથી સીતાપુર હેલી પેડ ખાતે આવી અને હરિદ્વાર જવા રવાના થયા હોવાનું ’અબતક’ ને જણાવ્યું છે.ઉતરાખંડમાં છેલ્લા ચાર દિવસથી પડી રહેલ ભારે વરસાદ અને હિમવર્ષાએ ત્યાંની સરકાર યાત્રાળુઓ અનેતેના પરિવારજનોના જીવ તાળવે ચોંટાડી દીધા હતા. ગ્રુપમાં ગયેલા અનેક લોકો વિખુટા પડયા જયારે અનેક પરિવારો નોખા પડયા બાદ વાતાવરણ સુધરતા ભેગા પણ થયા અને ભારે વરસાદથી ઉતરાખંડમાં ભારે તારાજી પણ સર્જાઈ અને અનેક મોત થયા પરંતુ હાલ વાતાવરણથાળે પડી રહ્યું છે. રાજકોટની કણસાગરા કોલેજના પ્રોફેસર અને છેલ્લા વીસ વર્ષથી ચારધામ યાત્રા કરતા યશવંતભાઈ ગૌસ્વામી કે જેઓ ૨૭ વ્યકિતઓના ગ્રુપ સાથે ચારધામ યાત્રાએ ગયા હતા દરમિયાન કેદારનાથ પહોચતા જ ભારે વરસાદે તારાજી સર્જતા યાત્રાધામ કેદારનાથ માં ફસાયા હતા.

## જમ્મુ કાશ્મીરમાં NIAના ૧૧ સ્થળે દરોડા




શ્રીનગર,
જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં બે સ્થળ પર NIAએ પાકિસ્તાન સ્થિત લશ્કરની શાખા, ધ રેસિસ્ટેન્સ ફ્રન્ટ (ટીઆરએફ) વિરૂદ્ધ એક નવા કેસના સિલસિલામાં દરોડા પાડ્યા. એનઆઈએએ આ દરમિયાન વધુ પાંચ આતંકવાદીઓની ધરપકડ કરી. ધરપકડ કરાયેલા આતંકીઓની ઓળખ મોહમ્મદ હનીફ ચિરાલૂ, હફીઝ, ઓવૈસ દાર, મતીન ભટ અને આરિફ ફારૂક ભટ તરીકે થઈ. આ કેસ લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમ્મદ, હિજબુલ મુઝાહિદ્દીન, અલ બદર અને તેમના સહયોગીઓના કેડર દ્વારા જમ્મુ-કાશ્મીર અને અન્ય પ્રમુખ શહેરોમાં હિંસક આતંકવાદી કૃત્યને અંજામ આપવાના ષડયંત્ર રચવા સંબંધિત છે.જમ્મુ-કાશ્મીરમાં તાજેતરમાં જ થયેલા આતંકી હુમલાનુ ષડયંત્ર રચવાના મામલે એનઆઈએએ ૧૧ સ્થળો પર દરોડા પાડ્યા છે. આ દરોડા હેઠળ શ્રીનગર, બારામુલા, પુલવામા, અવંતીપોરા, સોપોર અને કુલગામમાં તપાસ ચાલુ છે. અગાઉ ૧૦ ઓક્ટોબરે પણ NIAએ જમ્મુ-કાશ્મીરમાં ૧૬ સ્થળ પર દરોડા પાડ્યા હતા. NIAએ કુલગામ, બારામુલા, શ્રીનગર, અનંતનાગમાં કાર્યવાહી કરી હતી. ટીઆરએફના કમાન્ડર સજ્જાદ ગુલના ઘરે પણ અધિકારીઓએ દરોડા પાડ્યા. IEDની જપ્તીના સંબંધમાં જમ્મુ-કાશ્મીરમાં ૧૬ સ્થળ પર કાર્યવાહી થઈ. જેમાં એઝાઝ અહેમદ ટાક પુત્ર ગુલામ મોહમ્મદ ટાક, મુદાસિર અહેમદ અહંગર પુત્ર ગુલામ મોહિઉદ્દીન અહંગર, નસીર મંજૂર મીર પુત્ર મંજૂર અહેમદ મીર અને જુનૈદ હુસૈન ખાન પુત્ર મોહમ્મદ હુસૈન ખાનને અચબલ થાણા લઈ જવાયા અને તેમની પૂછપરછ કરવામાં આવી. અગાઉ NIAએ જમ્મુ-કાશ્મીરમાં આતંકી સંબંધી ગતિવિધિઓને ધ્યાનમાં રાખતા મંગળવારે ૧૬ સ્થળ પર દરોડા પાડ્યા હતા. NIAએ આ દરોડો લશ્કર-એ-તૈયબા (એલઈટી), જૈશ-એ-મોહમ્મદ (જેએમ), હિજ્બ-ઉલ-મુઝાહિદ્દીન (એચએમ), અલ બદ્ર, ધ રેસિસ્ટેન્સ ફ્રન્ટ (ટીઆરએફ), પીપલ અગેંસ્ટ ફાસિસ્ટ ફોર્સેજ (પીએફએફ), મુઝાહિદીન ગજવતુલ હિંદ (એમજીએચ) સહિત વિભિન્ન આતંકી સંગઠનના ષડયંત્રનો પર્દાફાશ કરવા માટે માર્યો હતો. સૂત્રો અનુસાર ૧૦ ઓક્ટોબરે નવા કેસ નોંધવામાં આવ્યો હતો, જે બાદ એનઆઈએ દ્વારા દરોડા પાડવામાં આવ્યા.

## રાજકોટ ટેકાના ભાવે મગફળી ખરીદીમાં સમગ્ર રાજ્યમાં મોખરે

રાજકોટ,
રાજકોટ જિલ્લામાં રાજકોટ અને લોધિકા તાલુકામાં સૌથી ઓછું રજિસ્ટ્રેશન થયું છે. ટેકાના ભાવે મગફળીના વેચાણ માટે રાજકોટ તાલુકામાં ૩૦૬૨ ખેડૂતોએ જ્યારે લોધિકા તાલુકામાં ૩૫૯૧ ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. સૌથી વધુ ગોંડલ તાલુકાના ૧૫૪૨૭ ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. વધુમાં કોટડા સાંગાણીમાં ૫૧૯૬, ધોરાજીમાં ૬૧૭૧, ઉપલેટામાં ૬૩૫૫, પડધરીમાં ૫૪૪૬, વીંછીયામાં ૭૧૫૫, જેતપુરમાં ૬૯૦૯, જસદણમાં ૮૦૭૮, જામકંડોરણામાં ૧૩૪૧૯ ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે.રાજકોટ જિલ્લાના ૮૦,૮૨૩ ખેડૂતોએ મગફળી વેચવા કરાવ્યું રજિસ્ટ્રેશન : આવતીકાલથી માર્કેટિંગ યાર્ડમાં ટેકાના ભાવે મગફળી ખરીદીની પ્રક્રિયા શરૂ કરી દેવાશે ટેકાના ભાવે મગફળી ખરીદીના રજિસ્ટ્રેશનમાં રાજકોટ જિલ્લો સમગ્ર રાજ્યમાં મોખરે રહ્યો છે. રાજકોટ જિલ્લામાં ૮૦,૮૨૩ ખેડૂતોએ મગફળી વેચવા માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે. હવે આવતીકાલથી માર્કેટિંગ યાર્ડમાં ટેકાના ભાવે મગફળી ખરીદીની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવનાર છે. સરકારે તા. ૧લી ઓક્ટોબરથી ૨૦મી સુધી રૂ. ૧૦૫૫ પ્રતિ મણના ટેકાના ભાવે ખરીદી કરવા ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા કરી હતી. જે અંતર્ગત જિલ્લાના દરેક ગામના ઈ-ગ્રામ કેન્દ્ર તથા એપીએમસીમાં ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ હતું. રાજકોટ જિલ્લામાં કુલ ૮૦૮૨૩ ખેડૂતોએ પોતાની મગફળી વેચવા માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આ રજિસ્ટ્રેશનનો આંકડો રાજ્યભરમાં સૌથી વધુ રહ્યો છે. બીજી તરફ સૌરાષ્ટ્રના અન્ય ૧૦ જિલ્લાઓમાં થયેલા રજિસ્ટ્રેશનની વિગતો જોઈએ તો જૂનાગઢમાં ૫૮૭૩૬, જામનગરમાં ૪૩૮૦૦, દેવભૂમિ દ્વારકામાં ૪૨૩૭૪, ગીર સોમનાથમાં ૭૧૬૬૮, અમરેલીમાં ૨૯૮૮૬, મોરબીમાં ૧૪૭૪૩, પોરબંદરમાં ૧૨૦૮૨, સુરેન્દ્રનગરમાં ૯૬૧૨, ભાવનગરમાં ૧૦૩૧૯ અને બોટાદમાં ૧૨૪૫ ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. કોરોના વચ્ચે અતિવૃષ્ટિના કારણે ચાલુ વર્ષે વાવેતર વિસ્તાર ઘટવાની સાથે પાકના ઉત્પાદન ઉપર પણ તેની અસર પડી છે.

## ગાંધીનગરમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન વેચાણ કેન્દ્રની શરૂઆત

ગાંધીનગર,
રાજયમાં પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતો ઉત્સુક છે, આ ખેતી ગૌ મૂત્ર-ગોબર થકી તૈયાર થયેલ ખાતરથી ઉત્પાદન કરવામાં આવે છે. આ ખાતર થકી જમીનની ફળદ્રપતા વધે છે તેમજ પાણીની બચત સાથે સાથે ખર્ચે પણ ઘટે છે. આ ઉત્પાદન થયેલા શાકભાજી- અનાજમાં દવાનો અંશ ન હોવાથી આ ઉત્પાદનનો ઉપયોગ કરનાર વ્યકિતના સ્વાસ્થને પણ ફાયદો થાય છે.ઙ્ગરાજય સરકારના સહયોગથી ગાંધીનગરના સેકટર-૨૧ની શાકમાર્કેટમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનનાં વેચાણ કેન્દ્રની શરૂઆત થઈ છે. રાજયપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે ‘ધ નેચરલ શોપઙ્ગનો શુભારંભ કરાયો હતો. ગાંધીનગર ખાતે ફાર્મર પ્રોડયુસર ઓર્ગોનાઈઝેશન–FPO અંતર્ગત આ વેચાણ કેન્દ્ર શરૂ થયું છે. આ પ્રસંગે રાજયપાલે જણાવ્યું હતું કે, ‘પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોને વધુને વધુ લોકો સુધી પહોંચાડવા સરકાર દ્વારા દરેક જિલ્લા મથકે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ કેન્દ્રો સ્થાપવાનું આયોજન હાથ ધરાયું છે. જેના કારણે લોકોને પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો સરળતાથી ઉપલબ્ધ થશે અને ખેડૂતોને પ્રારંભીક કૃષિ ઉત્પાદનોનું માર્કેટ મળશે. રાસાયણિક કૃષિના દુષ્પરિણામથી લોકો કેન્સર, ડાયાબિટિસ, હ્યદયરોગ જેવી અસાધ્ય બિમારીનો ભોગ બની રહ્યા છે, ત્યારે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ કેન્દ્રો દ્વારા લોકોને રાસાયણિક ખાતર અને જંતુનાશકોથી મુકત પ્રાકૃતિક ઉત્પાદનો મળશેઙ્ગ. કૃષિ રાજય મંત્રી રાધવજી પટેલે જણાવ્યું હતું કે, ‘પ્રાકૃતિક ખેતી થકી ઉત્પાદન થયેલ ખાધ ચીજવસ્તુઓના વેચાણ માટે ખેડૂતોને આ દુકાન આપવામાં આવી છે.

## ૯ વર્ષમાં મંદિરો અને હિન્દુઓના ૩૭૨૧ ઘરો પર હુમલા

ઢાકા,
વર્ષ ૨૦૧૪ સૌથી ખરાબ વર્ષ રહ્યું છે. જે સમયે બાંગ્લાદેશના લઘુમતીઓના ૧૨૦૧ ઘરોને નિશાન બનાવવામાં આવ્યા છે. આ ઘરોમાં કટ્ટરવાદીઓએ તોડફોડ કરી આગ લગાવી દીધી હતી. હાલમાં જ બાંગ્લાદેશના કોમિલા વિસ્તારમાં કુરાનને લઈને વિવાદ સર્જાયો હતો. અફવાઓને લઈને હિન્દુઓના ઘરોને આગ લગાવી દેવાઈ હતી. અહીં હિન્દુઓ, બૌદ્ધો, ખ્રિસ્તીઓને કટ્ટરવાદીઓ વધુ નિશાન બનાવતા રહ્યા છે. લઘુમતીઓ માટે કામ કરતા યૂનિટ કાઉંસિલનો દાવો છે કે હાલમાં જ થયેલા હુમલામાં ૭૦ લોકો ઘાયલ થયા છે. સાથે જ ૧૩૦ દુકાનો, મકાનો, મંદિરોને હાલમાં આ સપ્તાહમાં જ નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.બાંગ્લાદેશમાં હિન્દુઓના ઘરો અને મંદિરો પર હુમલાનું પ્રમાણ દિવસે ને દિવસે વધવા લાગ્યું છે. એક ધાર્મિક સંગઠને પોતાના રિપોર્ટમાં દાવો કર્યો છે કે છેલ્લા નવ વર્ષમાં હિન્દુઓના ઘરો અને ધાર્મિક સૃથળો પર અનેક વખત હુમલા થયા છે. આંકડા અનુસાર આ સમયગાળા દરમિયાન ૩૭૨૧ ઘરો અને મંદિરોમાં તોડફોડ કરવામાં આવી છે સાથે આગ પણ લગાવી દેવાઈ છે. નાગરિક અધિકાર સંગઠન એન ઓ સાલિશ કેંદ્રના આ રિપોર્ટમાં આ આંકડા જાહેર કરાયા છે. ઢાકા ટ્રિબ્યૂનના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે છેલ્લા પાંચ વર્ષમાં બાંગ્લાદેશમાં ૨૦૨૧નું એટલે કે વર્તમાન વર્ષ ભયાનક રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસમાં જ હિન્દુઓના મંદિરો અને પંડાલો પર હુમલાનું પ્રમાણ વધી ગયું છે. રિપોર્ટ અનુસાર આ દરમિયાન હિન્દુઓના મંદિરો, પૂજાસૃથળો પર હુમલાની આશરે ૧૬૭૮ ઘટનાઓ સામે આવી છે. નાગરિક અધિકાર સમૂહના કાર્યકર્તાઓનું કહેવુ છે કે આ આંકડા ભયાવહ છે અને હુમલાના વધતા પ્રમાણને કારણે હિન્દુઓમાં ભયનો માહોલ છે.

## પરમાણુ શસ્ત્રો અને બેલિસ્ટિક મિસાઈલોના પરિક્ષણોના કારણે સંયુક્ત રાષ્ટ્રે પણ ઉત્તર કોરિયા પર અનેક પ્રતિબંધો



પ્યોંગયાંગ,
ઉત્તર કોરિયાની પૂર્વે સિન્પો બંદરેથી એક મિસાઈલ લોન્ચ કરવામાં આવ્યું હતું. આ બંદર સામાન્ય રીતે પ્યોંગયાંગનું સબમરીન બેઝ છે. આ મિસાઈલ પૂર્વીય દરિયામાં જાપાનના સમુદ્રમાં લેન્ડ થયું હતું. તેમણે કહ્યું કે, ઉત્તર કોરિયાએ સબમરીનમાંથી બેલિસ્ટિક મિસાઈલ લોન્ચ કર્યું હોવાની આશંકા છે. દક્ષિણ કોરિયન મીડિયાના અહેવાલ મુજબ આ મિસાઈલ ૬૦ કિ.મી.ની મહત્તમ ઊંચાઈ પરથી ૪૫૦ કિ.મી. દૂર સુધી પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે. દક્ષિણ કોરિયાએ તેના પોતાના શસ્ત્રો વિકસાવ્યા છે તેવા સમયે ઉત્તર કોરિયાએ આ પરિક્ષણ કરતાં નિરીક્ષકોનું માનવું છે કે કોરિયન ટાપુ પર શસ્ત્રોની સ્પર્ધા શરૂ થઈ ગઈ છે.પરમાણુ હથિયારોથી સજ્જ રાષ્ટ્ર બનવાની હોડમાં ઉત્તર કોરિયા સતત પરીક્ષણો કરતું રહ્યું છે. તેના પરમાણુ કાર્યક્રમોના મુદે ઉત્તર કોરિયા અમેરિકાની પણ અવગણના કરી રહ્યું છે. ઉત્તર કોરિયાએ મંગળવારે સબમરીનમાંથી જાપાનના સમુદ્રમાં બેલિસ્ટિક મિસાઈલનું પરિક્ષણ કર્યું છે. ઉત્તર કોરિયાના આ પરિક્ષણ અને માહિતી દક્ષિણ કોરિયા અને જાપાને આપી હતી. અમેરિકાએ ઉત્તર કોરિયાના પરમાણુ હથિયાર કાર્યક્રમ પર તેની કૂટનીતિ ફરી શરૂ કરી દીધી છે. જોકે તેના થોડાક જ કલાકો પછી ઉત્તર કોરિયાએ જાપાનના સમુદ્રમાં સબમરીનમાંથી બેલાસ્ટિક મિસાઈલ છોડી હોવાનું મનાય છે. પ્યોંગયાંગે જાન્યુઆરીમાં આ મિસાઈલનું અનાવરણ કર્યું હતું અને તેને વિશ્વનું સૌથી શક્તિશાળી શસ્ત્ર ગણાવ્યું હતું. દક્ષિણ કોરિયાએ આવા જ એક હથિયારનું અનાવરણ કર્યા પછી ઉત્તર કોરિયાએ આ મિસાઈલ રજૂ કર્યું હતું. ઉત્તર કોરિયાએ તાજેતરના સપ્તાહમાં હાઈપરસોનિક અને લાંબી રેન્જના શસ્ત્રો સહિત અનેક મિસાઈલોના પરિક્ષણ કર્યા છે. તેમાંથી કેટલાક મિસાઈલ પરિક્ષણો આકરા આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોનો ભંગ કરે છે. પરમાણુ શસ્ત્રો અને બેલિસ્ટિક મિસાઈલોના પરિક્ષણોના કારણે સંયુક્ત રાષ્ટ્રે પણ ઉત્તર કોરિયા પર અનેક પ્રતિબંધો લાદ્યા છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એન. એફ. માલીવાડ
મુ. કેલોદ-માલીવાડ ફળીયું, તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી નવજીવન સહ. ગ્રા. ભંડાર
મુ. કુવાજર-નવી વસાહત, તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એ. બી. ખાંટ
મુ. ડાંગરીયા-સરપંચ ફળીયું, તા. મોરવા(હ)

### ઓનલાઈન ટેન્ડરીંગ
### માર્ગ અને મકાન વિભાગ
### જાહેર નિવિદા-૨૦ સને-૨૦૨૧-૨૨
### ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા–૩૮૯૦૦૧ જિ.પંચમહાલ ફોન નં.(૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા અનુભવી ઈજારદારો પાસેથી ફર્નિચરના એક કામ માટે ઓનલાઈન ટેન્ડર, બી.૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂા.૪૯.૯૬ લાખ છે.

પ્રસ્તુત કામ માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસઈટ https://rnb.nprocure.com પર તા.૨–૧૧–૨૦૨૧, ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. તથા ટેન્ડર સબમીશનની તા.૨–૧૧–૨૦૨૧, ૧૮:૦૦ કલાક સુધી ઓનલાઈન ભરવાના રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજ સમય દરમ્યાન સંપર્ક સાધવા વિનંતી.

માહિતી/ગોધરા/૬૦૪/૨૦૨૧

# મહીસાગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ ચ.એ. દવેની અધ્યક્ષતામાં લુણાવાડા ખાતે મેગા લિગલ સર્વિસીસ કેમ્પ યોજાયો

લુણાવાડા,
ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના માર્ગદર્શન મુજબ મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, લુણાવાડાના ઉપક્રમે આઝાદી કા અમૃત મહોત્સવ પાન ઈન્ડીયા અવેરનેસ કાર્યક્રમોનુ તા.૦૨ ઓકટોબર ૨૦૨૧ થી તા.૧૪ નવેમ્બર ૨૦૨૧ સુધી ઉજવણી થઈ રહેલ છે. જેમાં નામદાર નાલ્સા, સુપ્રિમ કોર્ટ, નવી દિલ્હીની જૂદી જૂદી યોજનાઓ વિશે મહીસાગરના જિલ્લાના છેવાડાના તથા અંતરીયાળ ગામો સુધી કાયદાની સમજ આપવાના હેતુસર એક ઝૂંબેશ ચલાવવામાં આવી રહી છે.

તે અનુસંધાને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, મહીસાગર–લુણાવાડાના ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ એચ.એ.દવેના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી દ્વારા મફત કાનૂની સેવા–સહાય અને શિક્ષણની જાણકારી છેક છેવાડાના નાગરિકો સુધી પહોચે તે હેતુસર સમગ્ર મહીસાગર જિલ્લામાં જનજાગૃતિ અને પ્રચાર–પ્રસારની સઘન અને અસરકારક કામગીરી થાય તે મુજબના કાનૂની શિક્ષણનાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેનાં ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી તા.૨૦ ઓકટોબર ૨૦૨૧ ના રોજ સવારે ૦૯–૦૦ કલાકે મેગા લીગલ સર્વિસ કેમ્પ જિલ્લા સેવા સદન ના કમ્પાઉન્ડ, લુણાવાડા ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ એચ.એ દવેની અધ્યક્ષતામાં અને જિલ્લા કલેક્ટર ડોક્ટર મનીષ કુમાર બંસલ,જિલ્લા વિકાસ અધિકારી કે ડી લાખાણી,પોલીસ અધીક્ષક રાકેશ બારોટ, કાર્યપાલક ઈજનેર એસ.કે.પટેલ, નાયબ વન સંરક્ષક રાજ પટેલની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટ્ય કરી આ મેગા સર્વિસ કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ એચ.એ દવેએ જણાવ્યું હતું કે, સમગ્ર જીલ્લાનું એકપણ ગામ કાયદાની સમજ અને મફત સક્ષમ કાનુની સહાય થી વંચીત ન રહી જાય અને નામદાર નાલ્સાની વિવિધ સમાજ કલ્યાણકારી યોજનાઓ સાથે સરકારની વિવિધ સમાજ કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના અંતરીયાળ ગામ્રજનો સુધી પહોંચે તે માટે એક ઝૂંબેશ સ્વરૂપે અભિયાન જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહીસાગર દ્વારા હાથ ધરાયેલ છે તેમા સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

આ ‘‘મેગા લિગલ સર્વિસીસ કેમ્પ’’માં ન્યાય ખાતા દ્વારા ઉપલબ્ધ મફત અને સક્ષમ કાનૂની સેવા–સહાય વિશેની વિવિધ યોજનાઓની જાણકારી તથા કાનૂની સહાયની જરૂરીયાતવાળા લોકોને સ્થળ પર જ સહાય માટેના ફોર્મ ભરવામાં આવ્યા હતા. તથા સરકારની



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

વિવિધ સેવાઓ જેમા મહેસુલ વિભાગની જેવી કે આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ,રેશન કાર્ડ, આવક/જાતિના દાખલા, વિધવા અને વૃધ્ધ સહાય, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની લગ્ન, જન્મ અને મરણ નોંધણી, પ્રધાનમંત્રી આવાસ યોજના(અર્બન), વરિષ્ઠતા પ્રમાણપત્ર, આદિજાતિ વિકાસ વિભાગની કુંવરબાઈનું મામેરૂ યોજના, આરોગ્ય વિભાગના મા કાર્ડનું આયુષ્માન કાર્ડમાં તબદીલીકરણ,સમાજ સુરક્ષા વિભાગની દિવ્યાંગ અસમર્થતા કીટ, બસ પાસ, જિલ્લા બાળ સુરક્ષાની પાલક માતા પિતા યોજનાના મંજુરી પત્ર હુકમ, જિલ્લા સમાજ કલ્યાણ (વિ.જા.)ની ઈલેકટ્રીક– મોબાઈલ રીપેરીંગ કીટ, મહિલા અને બાળ વિભાગની વ્હાલી દીકરી યોજના, પશુપાલન વિભાગની દુધ ઉત્પાદકતાની વધારવાની કીટ, જિલ્લા ઉધોગ કેન્દ્રની બાજપાઇ બેન્કેબલ યોજના, PMEGP/MSME,તાલીમાર્થીઓને કીટ વિતરણ, જિલ્લા ખેતીવાડી વિભાગની એ.જી.આર. ૫૦ ની ટ્રેકટર સહાય યોજના, ડીઆરડીએ ની મિશન મંગલમ યોજના, વન વિભાગની વન ખાતાની યોજનાઓ અને સમાજ કલ્યાણ અનુસુચિત જાતિની સેવાઓ વિગેરેની કામગીરી સ્થળ પર જ કરવામાં આવી, જેમાં મોટી સંખ્યામાં મુલાકાતીઓએ મુલાકાત લીધી અને ૧૦૦૦ થી વધુ લાભાર્થીઓને સ્થળ પર જ વિવિધ સહાયનો લાભ આપવામાં આવ્યો હતો.

આ મેગા લિગલ સર્વિસીસ કેમ્પ માં સ્વાગત પ્રવચન જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી એસ.એ. શેખ અને આભાર દર્શન ઈન્ચાર્જ સેક્રેટરી કે. એ મારવાહએ કર્યુ હતું. આ પ્રસંગે જિલ્લા ન્યાયાલયના જજઓ, કર્મચારીગણ, બાર એસોશીએસનના પ્રમુખ મનોજભાઈ પટેલ સહિત સભ્યઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ કર્મચારીઓ તેમજ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગરના સખી મંડળે મિશન મંગલમ યોજના થકી ગૃહ સજાવટની ચીજવસ્તુઓમાં મહારથ મેળવી આર્થિક સમૃધ્ધિના દ્વાર ખોલ્યા

લુણાવાડા,
મહિલાઓના ઉત્થાન અને મહિલા સશકિતકરણ માટે ગુજરાત સરકાર દ્વારા ગામેગામ મિશન મંગલમ યોજના અંતર્ગત સખી મંડળોની રચના કરી છે. રાજય સરકારના પ્રયાસો થકી મહિલાઓએ આત્મસુઝ થી સશકિતકરણ અને આત્મનિર્ભરતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયુ છે. ત્યારે મહીસાગર જિલ્લામાં લાડવેલ ગામના પવનપુત્ર સખી મંડળની મહિલાઓએ ગૃહ સજાવટની અનેકવિધ વસ્તુઓ તૈયાર કરી રોજગારી માટે અનેરો પ્રયાસ આદર્યો છે.

સખી મંડળના પ્રમુખ પટેલ મંજુલાબેન રાજેશભાઈએ પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, સૌ પ્રથમ રાજય સરકારની મિશન મંગલમ યોજનામાં જોડાવા માટે ગામના અલગ અલગ કુટુંબના ૧૨ જેટલા સભાસદો મળી નવીન મંડળની રચના વર્ષ ૨૦૧૮માં કરી હતી. ત્યારબાદ મંડળ નિયમિત અને સારી રીતે ચાલતું હોવાથી તાલુકા પંચાયત લુણાવાડા હેઠળની મિશન મંગલમ શાખા દ્વારા ગ્રેડીંગ થતા રૂા. ૧૫ હજારનું રીવોલ્વીગ ફંડ આપવામાં આવ્યું હતું.

આ પહેલા સભાસદોની માસિક આવક નહીવત હતી મંડળની બચત અને રીવોલ્વીગ ફંડનું ભંડોળ સભાસદોના આકસ્મિક જરૂરિયાતો જેવી કે બાળકોના શિક્ષણની ફી ભરવી,આરોગ્ય સારવાર અને સામાજીક ખર્ચ માટે આંતરીક ધિરાણ થકી સભાસદોના રોજબરોજના કાર્યો માટે નાણાંકીય લેવડ દેવડ કરવામાં આવી.ત્યારબાદ બરોડા ગુજરાત ગ્રામીણ બેન્ક લાડવેલ દ્વારા પ્રથમ અમારા મંડળને રૂા.૧લાખનું કેશ ક્રેડિટ ધિરાણ આપવામાં આવ્યું છે. આ રકમ અમોએ અમારાં સભ્યોની આજીવિકામાં વધારો થાય તે માટે પોતાના ક્ષેત્રોમાં ઉપયોગમાં લઈ આવક વધારો કરવાના પ્રયાસો આદર્યા છે.

મંડળના મંત્રી સવિતાબેન જણાવે છે કે, અમારો મુખ્ય વ્યવસાય ખેતી હોવાથી અમે છુટક પશુપાલન કરતા હતા. ત્યારે અમને માંડ દૈનિક ૧૫૦ થી ૨૦૦ રૂપિયા અનિયમિત મજુરી મળતી હતી. ગામમાં બીજો કોઇ ધંધો ન હોવાથી આર્થિક પરિસ્થિતી ખુબ જ કથળેલી હતી. ત્યારે દોરી વણાટ મારફતે સારી એવી આવક મેળવી શકાય છે. તે માટે ગૃહ સજાવટની અનેકવિધ વસ્તુઓ દ્વારા અમારા હાથ બનાવટ ઉધોગ સ્થાપવાનું સ્વપન પુરૂ થયુ અમે સૌ મળી મંડળના સભાસદો હાલ મોટા પ્રમાણમાં તોરણ, બેગ, હિંચકા વગેરે વસ્તુઓનું મોટા જથ્થામાં ઉત્પાદન કર્યુ છે. આ વસ્તુઓનાં વેચાણ માટે સરકાર મારફતે આયોજીત મેળાઓ તે સિવાય મોટા માર્કેટ, છૂટક માર્કેટ, હાટ બજાર વગેરે સ્થળોએ વેચાણ કરી હાલમા અમે ૫૦૦ જેટલી દૈનિક આવક મેળવીએ છીએ.

અમારાં કુટુંબમાં સવિશેષ પરિવર્તન આવ્યું છે, અને અમારૂ જીવન ધોરણ ઘણું ઉચું આવ્યું છે તે માટે અમો સૌ સરકારનો, એન.આર.એલ.એમ યોજનાના આભારી છીએ અને સરકાર સાથે અમોએ આ કામગીરી થકી આજીવિકા મળતા પરિવર્તન તરફ પ્રયાણ કર્યુ, તે મુજબ સમાજના દરેક મહિલા આ પ્રકારના કાર્યો હાથ ધરી તેઓનું જીવનધોરણ પરિવર્તન કરી શકે છે. સૌ બહેનોએ આવા કાર્યમાં જોડાવા પ્રયત્નશીલ બનવું જોઈએ.

પવન પુત્ર મિશન મંગલમ મંડળની વાત કરતા મહીસાગર ડી.આર.ડી.એ ડાયરેકટર પાટીદાર જણાવે છે કે રાજય અને રાષ્ટ્રિય કક્ષાના સરસ મેળાઓમાં સ્ટોલ ઉભા કરી આ મંડળએ વર્ષ –૨૦૧૮ ૧૯ સમય દરમિયાન દિલ્હી ખાતે મેળામાં સ્ટોલ પ્રદર્શન મારફતે ૬૫૦૦૦–નું વેચાણ કરેલ છે. વર્ષ –૨૦૧૮–૧૯ સમય દરમિયાન જૂનાગઢ ખાતે મેળામાં સ્ટોલ પ્રદર્શન મારફત ૧૮૦૦૦/–નું વેચાણ કરેલ છે. ચાલુ વર્ષ– ૨૦૨૧–૨૨ સમય દરમિયાન ગાંધીનગર ખાતે મેળામાં સ્ટોલ પ્રદર્શન મારફતે ૪૫૦૦૦નું વેચાણ કરેલ છે. તદઉપરાંત સ્થાનિક લેવલના મેળાઓમાં વેચાણ અને પ્રદર્શન કરી સારી રીતે કામગીરી કરવામાં આવેલ છે. જેના થકી આ મંડળના સભાસદો સારી આવક મેળવી રહયા છે.

આગામી સમયમાં દિપાવલી પર્વમાં મોતીના તોરણ,જુટની પ્રોડકટ, નારિયેલના કુચાં માંથી બનતી વસ્તુઓ, વેસ્ટ માંથી બેસ્ટ, હેગિંગ તોરણ, સ્ટોન માંથી બનતી વસ્તુઓ અને લાઈટીંગ વાળી પ્રોડકટ સહિતની અનેક સુશોભનના આર્ટિકલની માંગ જોવા મળતા મંડળમાં અનેરો ઉત્સાહ છે જે અન્ય મહિલાઓ માટે પ્રેરક બની રહયો છે. મહિલાઓની સામુહિક સંગઠન શકિત થકી મહીસાગરના પવન પુત્ર મિશન મંગલમ મંડળે સુશોભનની ચીજવસ્તુઓમાં મહારથ મેળવી આર્થિક સમૃધ્ધિના દ્વાર ખોલ્યા છે.

# ગાંધીનગર ST ડેપો દ્વારા દિવાળીના તહેવારને લઈ વધુ ૬૦ બસ દોડાવશે

ગાંધીનગર,
ગાંધીનગરમાં જુદા જુદા કામ માટે રોકાયેલા લોકો તેમજ અહીં કામ કરતા લોકો તેમના વતન દિવાળીની રજાઓમાં જતા હોય છે. ત્યારે તેમના હિતને ધ્યાનમાં રાખી બસો દોડાવવામાં આવશે. જેમાં સૌથી વધુ દાહોદ વિસ્તારમાં બસો દોડાવવામાં આવશે. પ્રવાસીઓની માગણી પ્રમાણે આ બસો દોડાવવામાં આવશે. દિવાળી માટે ૫૦થી ૬૦ બસોને દોડાવવામાં આવતી હોય છે. ત્યારે આ વર્ષે પણ એટલી બસો મોકલાશે. બરોડા અને દાહોદમાં પેસેન્જર વધુ હોવાથી ત્યાં વધુ બસો દોડાવવામાં આવશે. દિવાળી કરવા માટે પ્રવાસીઓ ઘરે જતા હોવાથી આ બસની રૂટ ત્યાં મોકલવામાં આવશે. અત્યારે રેગ્યુલર રૂટ પ્રમાણે ૮૦ બસો ગાંધીનગરથી અલગ ડેપો માટે દોડાવવામાં આવતી હોય છે. પરંતુ દિવાળીમાં રૂટ અને



બસો વધારવામાં આવશે. જેથી ટોટલ ૧૪૦ જેટલી બસો દિવાળીના તહેવારમાં દોડાવવામાં આવશે. પોઈન્ટ પ્રમાણે કંડકટરને ડ્રાઈવરને રૂટ પણ આપવામાં આવ્યા છે.દિવાળીના તહેવારો દરમિયાન મુસાફરોને અગવડ પડે નહીં તે માટે ગાંધીનગર એસ ટી તંત્ર દ્વારા અત્યારથી જ આગોતરું આયોજન કરીને ૬૦ જેટલી વધારાની ટ્રીપો દોડતી કરવા માટે રૂટ નક્કી કરી દેવામાં આવ્યા છે. ગાંધીનગર એસ.ટી ડેપો મારફતે અલગ અલગ રૂટ પર રેગ્યુલર ૮૦ ટ્રીપ દોડાવવામાં આવે છે. કોરોનાકાળ દરમિયાન લોકડાઉન લાગુ થતાં એસ.ટી.ના પૈડાં થંભી ગયા હતા. જેનાં કારણે ગાંધીનગર ડેપોને લાખો રૂપિયા નુકશાની વેઠવાનો વખત આવ્યો હતો. જો કે કોરોનાકાળ પછી તહેવારોની મૌસમ શરૂ થઈ હોવાથી ધીમે ધીમે એસ.ટી ડેપો આવક રળવા માંડ્યું છે. મોટા ધાર્મિક તહેવારો નિમિત્તે એસ.ટી તંત્ર દ્વારા ખાસ બસો દોડાવવામાં આવતી રહેતી હોય છે. ત્યારે દિવાળીના તહેવારોને ધ્યાને ગાંધીનગર એસ.ટી તંત્ર દ્વારા આગોતરું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે. રેગ્યુલર રૂટ સિવાય વધારાની ૬૦ જેટલી બસો દોડાવવા માટે તૈયારીઓ કરવામાં આવી છે. આ અંગે એસ.ટીના સૂત્રોએ જણાવ્યું હતું કે, અત્યારે રેગ્યુલર રૂટો પર બસો દોડાવવામાં આવી રહી છે. પરંતુ દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખી પ્રવાસીઓને વતનમાં જવા માટે કોઈ મુશ્કેલી ના પડે તે માટે બસના રૂટ વધારવામાં આવશે. જે મુજબ અલગ-અલગ રૂટ પર બસો દોડાવવામાં આવશે. આ માટે અત્યારથી ડ્રાઈવર અને કંડકટરને સૂચન કરી દેવામાં આવ્યું છે.

# સંતરામપુરના પાંચ માઈભક્તો દર્શનાર્થે જતાં નડ્યો અકસ્માત : ૪ ના મોત

લુણાવાડા,
ખેડા જિલ્લાના મહુધા પંથકમાં ગત મોડી રાત્રે ગમખ્વાર અકસ્માતમાં ૪ વ્યક્તિને કાળ ભરખી ગયો છે. અજાણ્યા ટ્રેલરે ઈકો કારને ટક્કર મારતાં ઈકો કાર રોડની સાઈડમાં પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતની ઘટનામાં એકનું સ્થળ પર બે વ્યક્તિનાં નડિયાદ સિવિલમાં અને એક વ્યક્તિનું અમદાવાદ સિવિલમાં કમકમાટી ભર્યું મોત નીપજ્યું છે, જ્યારે કારચાલક અને અન્ય એક નડિયાદ સિવિલમાં સારવાર હેઠળ છે. તમામ



એ બાદ કારમાં સવાર ૬ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા, જેમાંથી એક વ્યક્તિનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય ૫ વ્યક્તિને એમ્બ્યુલન્સ મારફત તરત સારવાર અર્થે નડિયાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યાં બે વ્યક્તિનાં ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યાં છે, જ્યારે એક વ્યક્તિને અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવતાં તેનું પણ ટૂંકી સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. આમ, આ અકસ્માતમાં ૪ વ્યક્તિને

## મૃતકોનાં નામ

સુરેશભાઈ અંબાલાલ ભોઈ (સ્થળ પર મૃત્યુ)
સંજયભાઈ અરજણભાઈ બારૈયા (નડિયાદ સિવિલમાં સારવાર દરમિયાન મૃત્યુ)
રાજુભાઈ શનાભાઈ ભોઈ (નડિયાદ સિવિલમાં સારવાર દરમિયાન મૃત્યુ)
સંજયભાઈ દિલીપભાઈ ભોઈ (અમદાવાદ સિવિલમાં સારવાર દરમિયાન મૃત્યુ)
તમામ રહેવાસી સંતરામપુર, જિ. મહીસાગર

## ઈજાગ્રસ્તનાં નામ

જિતુભાઈ ભૂલાભાઈ ભોઈ (કારચાલક)
આકાશ અશોકભાઈ દેવડા (ડબગર)
બન્ને રહેવાસી સંતરામપુર, જિ. મહીસાગર

## માતાજીનાં દર્શને જતાં અકસ્માત નડ્યો

કારચાલકે પોલીસ સમક્ષ આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, તેઓ તમામ લોકો મહીસાગર જિલ્લાના સંતરામપુરના વતની છે અને એક જ પરિવારના સગાંસંબંધીઓ થાય છે. તમામ લોકો મંગળવાર ભરવા સંતરામપુરથી નીકળી આણંદના મલાતજ ગામે આવેલાં મેલડી માતાજીનાં દર્શને જતાં વચ્ચે રસ્તામાં અકસ્માત નડ્યો છે. મહુધા પોલીસે કારચાલક જિતુભાઈ ભૂલાભાઈ ભોઈની ફરિયાદને આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી દીધી છે. તો વળી આ કાળનો કેવો સંયોગ કહેવાય મંગળવારના દિવસે મંગળવાર ભરવા જતાં મંગળપુર પાટિયા પાસે જ અકસ્માત સર્જાયો છે.

લોકો મહીસાગર જિલ્લાના સંતરામપુરના વતની એક જ પરિવારના સગાંસંબંધીઓ હોવાનું પોલીસે જણાવ્યું છે. તમામ લોકો ઈકો કાર લઈને આણંદના મલાતજ ગામે મેલડી માતાજીનાં દર્શને જતાં અકસ્માત નડ્યો છે. મહુધા પોલીસે ઈજાગ્રસ્ત કારચાલકની ફરિયાદને આધારે અકસ્માતનો ગુનો નોંધ્યો છે.

મહુધા તાલુકાના મંગળપુર પાટિયા પાસે મંગળવારની મોડી રાત્રે અકસ્માત સર્જાયો છે. અહીંથી પસાર થતી ઈકો કાર નંબર GJ-17-AH-0158 નડિયાદ તરફ આવી રહી હતી. ત્યારે સામેથી પૂરપાટે આવતા અજાણ્યા ટ્રેલરે ઉપરોક્ત કારને ટક્કર મારી હતી, આથી કાર ફંગોળાઈને રોડની સાઈડ પર પલટી ખાઈ ગઈ હતી. અકસ્માત બાદ બાદ ટ્રેલરચાલક ફરાર થઈ ગયો હતો.

ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા. કાળ ભરખી ગયો છે. જ્યારે કારચાલક અને અન્ય એક વ્યકિત નડિયાદ સિવિલમાં સારવાર લઈ રહ્યા છે. ઘટનાને પગલે ભોઈ પરિવાર પર વિટંબણાઓનો પહાડ તૂટી પડ્યો છે. તેમનાં પરિવારજનો નડિયાદ સિવિલ હોસ્પિટલમાં પહોંચતાં વાતાવરણ રોકકડથી દ્રવી ઊઠ્યું હતું.

### લુણાવાડા ધારાસભ્યની વિશેષ ઉપસ્થિતિમાં

# વિરણીયા PHC ખાતેથી મહીસાગર જિલ્લામાં ન્યુમોકોકલ કોંજ્યુગેટ વેક્સીનેશનનો શુભારંભ

લુણાવાડા,
દેશ અને ગુજરાતની ઉજ્જ્વળ આવતીકાલ સમા ભુલકાં–બાળકોને ન્યૂમોનિયા અને મગજના તાવ સામે આરોગ્ય સુરક્ષા કવચ આપતી ન્યૂમોકોકલ કોંજુગેટ વેકસીન–PCV થી સાર્વત્રિક રસીકરણ અભિયાન અન્વયે આવરી લેવાનો મહત્વપૂર્ણ આરોગ્ય સુરક્ષા સેવા યજ્ઞ બુધવાર તા.૨૦મી ઓકટોબરથી આરંભાયો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વેકસીનેશન કાર્યક્રમનો રાજયવ્યાપી પ્રારંભ આદિજાતિ વિસ્તાર છોટાઉદેપૂર જિલ્લાના આલ્હાદપૂરાના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરથી કરાવ્યો હતો. તે અંતર્ગત મહીસાગર જિલ્લામાં લુણાવાડા તાલુકાના વિરણીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતેથી લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવક, જિલ્લા કલેક્ટર ડો.મનીષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટય કરી ન્યૂમોકોકલ કોંજુગેટ વેક્સીનેશનનો શુભારંભ કરાવ્યો હતો.

ભારત સરકાર દ્વારા સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અન્વયે રાજયની તમામ સરકારી હોસ્પિટલ, આરોગ્ય કેન્દ્રો, પેટા આરોગ્ય કેન્દ્રો અને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પરથી આ વેકસીન દોઢ વર્ષ સુધીના બાળકોને વિનામૂલ્યે અપાશે.ખાનગી ક્ષેત્રમાં સામાન્યતઃ રૂ. ૩ હજારથી


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

૪૫૦૦ ની કિંમતે મળતી આ વેકસીન સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત સરકાર વિનામૂલ્યે લાભાર્થી બાળકોને આપવાની છે. રાજયમાં એક વર્ષમાં અંદાજે ૧૨ લાખ જેટલા બાળકોને ૩ ડોઝ મળીને કુલ ૩૬ લાખ PCV ડોઝ આપવામાં આવશે. તે અંતર્ગત મહીસાગર જિલ્લામાં ૨૨૫૦૦ બાળકોને ન્યુમોકોકલ કોંજ્યુગેટ રસીથીન્યુમોનીયા સામે રક્ષણ આપી શકાશે.ભારતમાં ન્યુમોકોકલ ન્યુમોનિયાના કારણે ૨૦૧૦માં પાંચ વર્ષથી નાના આશરે ૧ લાખ અને ૨૦૧૫માં લગભગ ૫૩ હજાર બાળકો મૃત્યુ પામ્યા હતા. ન્યૂમોકોકલ કોંજુગેટ વેક્સિન– PCV ૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોનો મૃત્યુદર ઘટાડવામાં ઉપકારક નિવડશે.

બાળકને જન્મના ૬ અઠવાડિયે આ વેકસીનનો પહેલો ડોઝ, ૧૪ અઠવાડિયે બીજો ડોઝ અને ૯ મહિના બાદ ત્રીજો બૂસ્ટર ડોઝ વેકસીન આપવામાં આવશે. આ પ્રસંગેઆરોગ્ય કર્મીઓએએલિજીબલ બાળકોને ન્યુમોકોકલ કોંજ્યુગેટવેકસીન આપી હતી. મહાનુભાવોએ બાળકોની માતાઓને પુષ્પગુચ્છ આપી સન્માનીત કર્યા હતા.

આ પ્રસંગે ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવકે જણાવ્યું હતું કે,મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં ન્યૂમોકોકલ કોંજુગેટ વેક્સિનેશનના યુનિવર્સલ પ્રોગ્રામથી રાજય સહિત જિલ્લાના નવજાત બાળકોને ન્યુમોનિયા અને મગજના તાવથી સંપૂર્ણ રક્ષણ આપવાની નેમ પાર પડશે અને ચાઈલ્ડ હેલ્થકેરમાં પણ અગ્રેસર રહેશે.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી લાખાણીએ કોવિડ વેક્સીનેશનમાં મહીસાગર જિલ્લાએ મેળવેલી સિધ્ધિને બિરદાવી આરોગ્ય કર્મીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# એફોર્ડેબલ હાઉસિંગની ઓફિસમાં ફોર્મ મેળવવા લોકોની ભારે ભીડ જામી

વડોદરા,
વડોદરાના મેયર કેયુર રોકડીયાએ લોકોને વ્યવસ્થા જાળવવા અપીલ કરી છે. તેમજ ફોર્મ માટેની તારીખ પણ લંબાવામાં આવી છે. ફોર્મ પૂરતા પ્રમાણમાં હોવાથી લોકોને ભિડ ન કરવા સુચના આપી છે. એફોર્ડબલ હાઉસિંગની ઓફિસમાં અવ્યવસ્થા મુદ્દે મેયર કેયુર રોકડીયાનું નિવેદન આવ્યું છે. ટોકન આપીને ફોર્મ આપવામાં આવી રહ્યા છે, લોકોમાં અણસમજને કારણે ભીડ થઈ રહી છે,અમે ફોર્મ માટે ની તારીખ પણ લંબાવી દીધી છે. ફોર્મ જ્યારે પણ ભરશો, ઉતાવળ ન કરો,ડ્રો સિસ્ટમ થીજ મકાન મળશે. અમારી પાસે પૂરતા પ્રમાણમાં ફોર્મ છે, મકાન ઈચ્છુકોને તમામને ફોર્મ મળશે. ફોર્મ તમામને મળશે ,પરંતુ મકાન ડ્રો સિસ્ટમને આધારે મળશે જેથી લોકો ટોળા ના કરે. અમે પ્રશાસનિક રીતે અને પોલીસ બંદોબસ્ત સાથેની વ્યવસ્થા ગોઠવી છે.વડોદરામાં ફસ્ઝની એફોર્ડેબલ હાઉસિંગની ઓફિસમાં ફોર્મ મેળવવા લોકોની ભારે ભીડ જામી છે. અવ્યવસ્થા સર્જાતા પોલીસ એક્શનમાં આવી છે. પરંતુ ફોર્મ લેવામાં લોકોને ભારે હાલાકી પડી રહી છે. બે દિવસથી મોટી સંખ્યામાં લોકોની ભીડ ભેગી થતા અરાજકતાનો માહોલ સર્જાયો છે. એક દિવસ પહેલા પણ લોકોની ભારે ભીડ એકત્ર થઈ હતી. જેને લીધે ટોકનની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ ટોકનમાં આપેલી તારીખ મુજબ ફોર્મ લેવાની વ્યવસ્થા ન ગોઠવાતા લોકોની ભીડ ઉમટી હતી.

## આજનું રાશી ભવિષ્ય — તા.૨૧/૧૦/૨૦૨૧ ગુરૂવાર

મેષ (અ.લ.ઈ.) : નોકરી ધંધામાં સારી પ્રગતિ જણાય,કુટુંબ પરિવારમાં સુમેળ જણાય,જમીન મકાનના પ્રશ્નોમાં ગુંચવણ ઉભી થાય ,લાભ હાનીને ધ્યાનમાં રાખી કામ કરવુ

વૃષભ (બ.વ.ઉ.) : સાથી કર્મચારીથી સાધારણ પરેશાની રહેશે,સંપતિને લગતા પ્રશ્નોનો સારો ઉકેલ આવશે ,સ્વાસ્થ્ય બાબતે સાવધાની રાખવી,કામકાજમાં ફાયદો થશે અને મન પ્રસન્ન રહેશે

મિથુન (ક.છ.ઘ.) : ઈમાનદારીની કસોટી થાય વિજય આપનો થાય,મીત્રોની મદદથી કાર્ય સરળ બનાવી શકશો,જીવનસાથી અને સંતાનોનો ભરપુર સહયોગ મળશે,મહેનતના પ્રમાણમાં ઓછુ ફળ મળશે

કર્ક (ડ.હ.) : કામકાજમાં સાથી મીત્રોનો સહયોગ મળશે ,નોકરી ધંધા માટે નવી તકો મળશે,કરેલા કાર્યોમાં યશ અને સફળતા મળશે ,સંપતિને લગતા કાર્યોમાં સહયોગ મળશે

સિંહ (મ.ટ.) : માન સન્માન અને આબરૂમાં વધારો થાય ,કોર્ટકેસ કે મગજમારીથી દુર રહેવુ,નોકરી ધંધામા પ્રગતિના યોગો જણાય,કોઈપણ નિર્ણય સમજી વિચારીને કરવો

કન્યા (પ.ઠ.ણ.) : નાના મોટા રોકાણ માટે સમય ઉત્તમ નથી ,મીત્રોના સહયોગથી રોકાયેલા કામમાં પ્રગતિ થશે ,નોકરીમાં મહેનતના પ્રમાણમાં ઓછુ ફળ મળશે ,ગુસ્સા ઉપર કાબુ રાખશો તો જ કામ સુધરશે

તુલા (ર.ત.) : નોકરી ધંધામાં ઉજ્વળ તકો મળશે,કોઈપણ પ્રકારની ઉધારીથી સાચવવુ,લેવડ દેવડમાં કાળજીથી કામ લેવુ,કરેલી મહેનત સારુ ફળ આપશે

વૃશ્ચિક (ન.ય.) : ઘરમાં નવી વસ્તુઓ માટે ખર્ચ કરવો પડે ,નોકરીમાં બઢતી અને મનપસંદ સ્થાન પ્રાપ્તિ મળે ,કાયદાકિય રીતે સાવચેતી રાખવી ,પરિવાર સાથેના સબંધોમાં સુધારો જણાય

ધન (ભ.ધ.ફ.ઢ.) : વ્યવસાયમાં આવકના નવા રસ્તાઓ મળે,અંગત સમસ્યાઓમાં તકલીફો જણાય ,સંપતિને લગતા પ્રશ્નોમાં સારુ સમાધાન મળે,નોકરીયાતને કામનો બોજો વધે

મકર (ખ.જ.) : ભાગીદારીમાં વૈચારિક મતભેદો સર્જાય ,પ્રેમ પ્રસંગોમાં નિષ્ફળતાના પ્રસંગો ઉભા થાય ,અભ્યાસ કે નોકરી અર્થે વિદેશપ્રવાસનું આયોજન થાય ,લોન કે કરજ લેવુ પડે તો સાવધાની રાખવી

કુંભ (ગ.શ.સ.ષ.) : પિતા પિતરાઈ સાથેના સબંધોમાં સુધારો જોવા મળે,આરોગ્ય બાબતે સાવચેતી રાખવી ,નવા કામકાજમાં ભાગીદારીથી લાભ થાય ,સંતાન બાબતની ચિંતામાં વધારો થાય

મીન (દ.ચ.ઝ.થ.) : આર્થિક સ્થિતિમાં સુધારો અને રાહત અનુભવાય ,વારસાઈ મિલકતોનો ઉકેલ આવે ,નાના મોટા પ્રવાસના આયોજનો થાય ,સાહસથી સિદ્ધી પ્રાપ્ત થાય અને કામ સુધરે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દે.બારીયાના પીપલોદ ગામે ઘરફોડ ચોરીના ગુનામાં વધુ બે લુંટારૂને પોલીસે ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ નગરમાં ભાજપના અગ્રણી અને હોટલના માલિકના મકાનમાં ધાડપાડુંઓએ કરેલ લુંટના બનાવમાં ખજુરીયા ગેંગના સાગરીતો પૈકી અગાઉ બે લુંટારૂંઓને દાહોદ એલ.સી.બી. પોલીસે ઝડપી પાડયાં બાદ આ લુંટના ગુન્હામાં સામેલ અન્ય વધુ બે લુંટારૂંઓને એલ.સી.બી. પોલીસને સંયુક્ત ટીમે મળેલ બાતમીના આધારે ઝડપી પાડી સોનાના દાગીના તેમજ મોબાઈલ મળી રૂા.૧,૮૪,૯૦૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

તારીખ ૨૯મી સપ્ટેમ્બરના રોજ પીપલોદ નગરના પંચેલા ગામે પીઠા વિસ્તાર ફળિયામાં રહેતાં ભાજપના અગ્રણી અને ઘનશ્યામ હોટલના માલિક ભરતભાઈ રણછોડભાઈ ભરવાડના મકાનમાં મધ્યરાત્રીના સમયે ધાડપાડ લુંટારૂંઓનું ટોળું આવ્યું હતું અને ભરતભાઈ સહિત તેમના પરિવારજનોને બાનમાં લઈ રોકડા રૂપીયા તેમજ સોના ચાંદીના દાગીના મળી કુલ રૂા.૩૧,૬૨,૦૦૦ની સનસનાટી ભરી લુંટ ચલાવી ધાડપાડુ લુંટારૂં નાસી જતાં પીપલોદ નગર સહિત દાહોદ જિલ્લામાં આ બનાવને પગલે ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામ્યો હતો. ત્યારે દાહોદ એલ.સી.બી. પોલીસે આ ગુન્હાની ગંભીરતાને ધ્યાનમાં રાખી તપાસનો ધમધમાટ આરંભ કરતાં અગાઉ આ લુંટમાં સામેલ બે લુંટારૂઓને ઝડપી પાડવામાં સફળતા મળી હતી ત્યારે ઝડપાયેલ ખજુરીયા ગેંગના બે લુંટારૂઓની ઘનિષ્ટ પુછપરછ અને મળેલ બાતમીના આધારે આજરોજ આ લુંટના ગુન્હામાં સામેલ વધુ ત્રણ ધાડપાડું લુંટારૂં કાટું ગામે તેમના રહેણાંક વિસ્તારમાં હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસે છુપા વેશમાં કાટું ગામે કોમ્બીંગ હાથ ધર્યું હતું. જેમાં શકરીયા ઉર્ફે શંકરભાઈ ભુરજીભાઈ મોહનીયા (રહે.કાટું, તા.ધાનપર, જિ.દાહોદ) અને નિકેશ ઉર્ફે નિકો જવસીંગભાઈ પલાસ (રહે. ખજુરીયા, નિનામા ફળિયું, તા. ગરબાડા, જિ.દાહોદ) બંન્ને તેમના કાટું ગામેથી ઝડપી પાડ્યાં હતાં.

વધુમાં જાણવા મળ્યાં અનુસાર, ઉપરોક્ત બંન્ને ધાડપાડું લુંટારૂંઓએ પોતાના ભાગમાં આવેલ સોના–ચાંદીના દાગીના તે દાગીના લીમખેડા તાલુકાના ચીલોકાટ ગામે રહેતાં ભરતભાઈ પંચાલને આપેલ હતાં. ભરતભાઈ પંચાલે આ દાગીના ઓગાઈ દીધાં હતાં. પોલીસે ભરતભાઈની પણ અટક કરી છે અને તેમની પાસેથી ઓગાળેલ દાગીનાની લંગડી કબજે કરી હતી.

પકડાયેલ લુંટારૂં પૈકી શકરીયા મોહનીયા અગાઉ મોરબી જિલ્લાના હળવદ તેમજ નવસારી વિસ્તારમાં ઘરફોડ ચોરીના ગુન્હામાં પકડાયેલ છે જ્યારે નિલેશ પલાસ અગાઉ જામનગર જિલ્લાના જામજોધપુર, કાલાવાડ, લાલપુર, દેવભૂમિ દ્વારા તેમજ મોરબી જિલ્લાના વાંકાનેર, રાજકોટ, ગ્રામ્ય ઉપલેટામાં ઘરફોડ ચોરીના ગુન્હામાં પકડાયેલ ચુકેલ છે.

આમ, દાહોદ એલ.સી.બી. પોલીસે સંયુકત ટીમનો મદદથી અત્યાર સુધી આ લુંટના ગુન્હામાં ચાર લુંટારૂંઓ સહિત પાંચ જણાને ઝડપી પાડ્યાં છે અને રૂા.૧,૮૪,૯૦૦નો મુદ્દામાલ ઉપરોક્ત બંન્ને લુંટારૂંઓ પાસેથી કબજે કર્યો છે.

# દાહોદ શૈક્ષણિક સંકલન સમિતિ દ્વારા સંવર્ગના પડતર પ્રશ્નોને લઈ આવેદન આપ્યું

દાહોદ,

દાહોદ જિલ્લા શૈક્ષણિક સંકલન સમિતિ દ્વારા પોતાના વિવિધ સંવર્ગના પડતર પ્રશ્નો અને માંગણીઓ સંદર્ભે અનેકવાર રજુઆત કરવા છતાંય આજદિન સુધી નિકાલ નહીં આવતાં તેઓ દ્વારા દાહોદ જિલ્લા શિક્ષણાધિકારીને આવેદનપત્ર આપી આ આવેદન મુખ્યમંત્રી, શિક્ષણ મંત્રી તેમજ કલેકટરને પણ રવાના કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લા શૈક્ષણિક સંકલન સમિતિ દ્વારા આજરોજ દાહોદ જિલ્લા શિક્ષણાધિકારીને આપવામાં આવેલ આવેનદપત્રમાં જણાવ્યાં અનુસાર, કેટલાંક કર્મચારીઓના પગાર ફિક્સેસન બાકી છે જે કરી આપવા, સંવર્ગના કર્મચારીઓના રજા પગાર બીલો, નવી નિમણુંક પામેલ કર્મચારીઓના પગાર બીલ પણ ઘણા સમયથી પેન્ડીંગ છે તેની તાત્કાલિક અસરથી ચુંકવણી કરવામાં આવે, કર્મચારીઓના જી.પી.એફ.નો આખરી ઉપાડ મહિનાથી ૧ વર્ષ થવા છતાં ચુકવાયેલ નથી તે તાત્કાલિક ધોરણે કરી આપવા, કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણની ફાઈલો જે તે ટેબલો, કલાર્ક વિગેરેને રજુ કરવામાં આવેલ છે છતાં તેના પર સહીં કરવામાં આવેલ નથી માટે ફાઈલો પર તાત્કાલિક સહીં કરી આપવા, ક્વેરી સોલ્વ કરાવી ફાઈલો તાત્કાલિક ઉપલી કક્ષાએ મોકલવા, ફાઈલ ચકાસણી કરવા, કર્મચારીઓને એરીયર્સના ચેકો આપવામાં આવ્યાં છે પરંતુ કચેરી દ્વારા કોઈ આદેશ આપવામાં આવેલ નથી જેના આદેશો તાત્કાલિક આપવા, વર્ષ ૨૦૨૧ – ૨૨ના શાળાઓની નિભાવ ગ્રાન્ટનો પ્રથમ હપ્તો તાત્કાલિક ચુકવવા, તાલુકાવાર પગાર બીલના કેમ્પનો કાર્યક્રમ તાત્કાલિક જાહેર કરવા, વિગેરે જેવા અનેક પડતર પ્રશ્નો, માંગણીઓ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ સાથે આવેદનની એક એક નકલ મુખ્યમંત્રી સહિત શિક્ષણ મંત્રીને પણ રવાના કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

# ઝાલોદ તાલુકાના તમામ ગામોમાં એક અબજથી વધુ નાણાં ખર્ચે ઘરે-ઘરે શુદ્ધ પીવાનું પાણી મળશે: પ્રમુખ શીતલ વાઘેલા

ઝાલોદ,

દાહોદ જિલ્લાના તમામ ગામોમાં "નલ સે જલ" યોજના અંતર્ગત ઘરે–ઘરે શુદ્ધ પીવાનું પાણી આપવાની યોજનાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં ઝાલોદ તાલુકામાં એક અબજથી વધુ નાણાં ખર્ચે મંજૂરી આપવામાં આવી છે.જેમાં પાઈપલાઈન કરીને ઘરે–ઘરે શુદ્ધ પીવાનું પાણી મળશે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ યોજનાને લઈ ગ્રામીણ વિસ્તારના લોકોમાં આનંદ જોવા મળી રહ્યો છે. જિલ્લા પંચાયત પ્રમુખ શીતલકુમારી વાઘેલાના હસ્તે ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો.



દાહોદ જિલ્લો મહત્વકાંક્ષી જિલ્લા તરીકે સમાવેશ થયેલો છે.જેમાં રાજસ્થાન અને મધ્યપ્રદેશ સરહદી વિસ્તારના ગામોમાં ડુંગરાળ વિસ્તાર હોવાથી સ્થાનિક પ્રજાને પીવાના પાણીની સુવિધા માટે ફાફા મારવા પડે છે.ચોમાસાની ઋતુમાં નિયમિત અને પૂરતો વરસાદ ન હોવાના કારણે હેડપંપ, બોર અને કૂવાના પાણી પણ ઓછા હોવાથી પીવાના પાણી માટે સમસ્યા સર્જાય છે.જેથી દાહોદ જિલ્લાના તમામ વિસ્તારોમાં છેવાડાના વિસ્તારોમાં પીવાના શુદ્ધ પાણી મળી રહે તે અર્થ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા નલ સે જલ યોજના ની મંજૂરી આપવામાં આવી છે.ગામે ગામ સરવે મુજબ પાઈપલાઈન કરીને ઘર–ઘર સુધી નળ કનેકશન આપવામાં આવશે. જેમાં સ્થાનિક પ્રજાને શુદ્ધ પીવાનું પાણી મળી રહેશે.ઝાલોદ તાલુકામાં એક અબજથી વધુના ખર્ચે પાઈપલાઈન આધારિત નલ સે જલ યોજનાની મંજૂરી મળી હતી.જેમાં બુધવારના રોજ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલકુમારી વાઘેલાના હસ્તે ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. તેઓએ જણાવ્યું હતું કે, છેવાડાના વિસ્તારમાં મહિલાઓને દૂર સુધી પીવાના પાણી માટે રજળવું પડે છે. જે ધ્યાને રાખીને વડાપ્રધાન અને ગુજરાતના મુખ્યમંત્રીએ નલ સે જલ યોજનાને મંજૂરી આપી છે.ટૂંક સમયમાં આ યોજના પૂર્ણ થશે અને ઘરે ઘરે લોકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહેશે.આ કાર્યક્રમમાં નિવૃત્ત ડીઆઈજી બી. ડી.વાઘેલા ઝાલોદ તાલુકા પંચાયત પ્રમુખ રમેશભાઈ ભાભોર,ઝાલોદ મંડળ પ્રમુખ મુકેશભાઈ પરમાર, ભાજપના આગેવાન મુકેશભાઈ ડામોર, બક્ષીપંચ મોરચાના પ્રદેશ કારોબારી સભ્ય ઈશ્વરભાઈ લબાના, સરપંચો તાલુકા સભ્યો, જિલ્લા સભ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# લીમખેડા તાલુકામાં આઝાદીના અમૃતમહોત્સવ અંતર્ગત કલા ઉત્સવ BRCના અધ્યક્ષપણા હેઠળ ઉજવામાં આવ્યો



લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં આઝાદીના અમૃતમહોત્સવ અંતર્ગત કલા ઉત્સવ BRC કો. કલ્પેશભાઈ પટેલના અદ્યક્ષપણા હેઠળ ઉજવામાં આવ્યો. જેમાં લીમખેડા તાલુકાના લાયઝન ભાવનાબેન પલાસ હાજર રહ્યા તથા તમામ CRC કો. ઓ. આચાર્ય ઓ, શિક્ષક ભાઈ–બહેનો ની હાજરીમાં ૧૭ કલસ્ટ ના ૭૦ જેટલા બાળકો એ ચિત્રકામ, વકૃતવ સ્પર્ધા, કાવ્ય સ્પર્ધા, અને નિબંધ સ્પર્ધામાં બાળકો એ ઉત્સાહ થી ભાગ લીધો. પ્રથમ નંબર આવનાર બાળકો જિલ્લાકક્ષાએ ભાગ લેશે, તમામ બાળકોને ઇનામ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા.

# દાહોદના આગાવાડા ગામે ટેમ્પોમાં લઈ જવાતો રૂા.૨.૧૨ લાખનો દારૂનો જથ્થો ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના આગાવાડા ગામેથી પોલીસે એક ટેમ્પામાંથી વિદેશી દારૂનો કુલ રૂપિયા ૨,૧૨,૭૬૦/– ના મુદ્દામાલ સાથે ચાલકની અટક કર્યાનું જાણવા મળે છે. જ્યારે ટેમ્પાની કિંમત મળી કુલ રૂપિયા ૩,૬૭,૭૬૦/– નો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો છે.

ગત તારીખ ૧૮મી ઓકટોબરના રોજ કતવારા પોલીસને મળેલ બાતમીના આધારે આગાવાડા ગામે રસ્તા પર નાકાબંધી કરી આવતા જતા તમામ વાહનોની તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન બાતમીમાં દર્શાવેલ એક ટેમ્પો ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ટેમ્પો નજીક આવતાની સાથે પોલીસે તેને ચારે તરફથી ઘેરી લઈ ટેમ્પોચાલક રોશનભાઈ (રહે.ઝાબુઆ,મદય પ્રદેશ) ની પોલીસે અટક કરી ગાડીની તલાશી લેતા ગાડીમાંથી વિદેશી દારૂની પેટીઓ નંગ.૩૬ જેની કુલ કિંમત રૂપિયા ૨,૧૨,૭૬૦/– ના પ્રોહી જથ્થા સાથે ટેમ્પાની કિંમત મળી કુલ રૂપિયા ૩,૬૭,૭૬૦/– નો મુદ્દામાલ કતવારા પોલીસે કબજે લઈ ઉપરોકત ચાલક વિરૂદ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મહારાષ્ટ્ર ધારાસભ્યને ત્યાં લૂંટની સોના-ચાંદીના દાગીના ખરીદનાર દાહોદના સોનીને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપ્યો

દાહોદ,

મહારાષ્ટ્રના ધારાસભ્યને ત્યાં થયેલ લૂંટના મામલામાં પુણે પોલીસના છેલ્લા બે દિવસથી દાહોદ શહેરમાં ધામા નાખ્યા હતા.જેમાં ધારાસભ્ય ને ત્યાં થયેલ લૂંટનો સોના ચાંદીનો મુદ્દામાલ દાહોદના સોનીને ત્યાં વેચવામાં આવ્યો હોવાની આરોપીઓ દ્વારા કબુલાત કરાતા પુણે પોલીસે દાહોદ શહેરના એમજી રોડ ખાતેથી લૂંટનો મુદ્દામાલ લેનાર સોનીને દબોચી લેતા શહેરના શ્રોફ બજારમાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામ્યું છે.

મળતી પ્રાપ્ત વિગતો અનુસાર, મહારાષ્ટ્રના પુણેમાં એક ધારાસભ્યના ત્યાં ઘરફોડ ચોરીનો બનાવ બનવા પામ્યો હતો. આ ચોરીમાં કેટલાંક આરોપીઓને પુણેની પોલીસે ઝડપી પણ પાડ્યાં હતાં. ઘરફોડ ચોરીમાં ચોરી કરવામાં આવેલ દાગીનાની ચોરોએ કબુલાત પણ કરી હતી અને આ સોનાના ઘરેણાં દાહોદના એક વેપારીને વેચ્યાં હોવાનું સામે આવતાં મહારાષ્ટ્રની પુણે પોલીસે આરોપીઓને સાથે લઈ છેલ્લા બે – ત્રણ દિવસથી દાહોદમાં તપાસ અર્થે પહોંચી હતી ત્યારે દાહોદ શહેરના એમ.જી. રોડ પરના સોનીને ત્યાં ઘરેણાં વેચ્યાં હોવાની આરોપીઓની કબુલાતને ધ્યાનમાં રાખી એમ.જી. રોડના એક વેપારીની અટકાયત કરવામાં આવી હતી. આ સમાચાર વાયુવેગે દાહોદ શહેરમાં ફેલાતાં ખળભવાટ સાથે ચકચાર મચી જવા પામ્યો હતો અને ખાસ કરીને દાહોદના શ્રોફ બજારના વેપારીઓમાં ફફડાટ સાથે ચકચાર મચી જવા પામી હતી. આ મામલે આજરોજ દાહોદ શહેરના શ્રોફ બજારો એકાએક બંધ જોવા મળતાં સ્તબ્ધતા વ્યાપી હતી. દાહોદના વેપારીઓની મહારાષ્ટ્રની પુણેની પોલીસે અટકાયત કર્યાના બનાવને પગલે દાહોદના શ્રોફ બજારમાં ચહલ પહલ બંધ જોવા મળી હતી સાથે જ અનેક તર્કવિતર્કોએ પણ જન્મ લીધો હતો.

# દાહોદમાં ઉસરા-જેકોટ રેલ્વે સ્ટેશનની વચ્ચે યુવક ટ્રેનની અડફેટે આવી જતાં મોત

દાહોદ,

દાહોદથી પસાર થઈ રહેલ ઉસરા અને જેકોટ રેલ્વે ટ્રેક પર આશરે ૨૫ વર્ષીય યુવક કોઈ અપડાઉન ટ્રેનની અડફેટે આવી જતાં અજાણ્યા યુવકને ઘટના સ્થળ પરજ કમકમાટી ભર્યું મોત નીપજ્યાંનું જાણવા મળે છે. આ ઘટનાની જાણ સ્થાનીક રેલ્વે પોલીસ સહિત અધિકારીઓને થતાં તાબડતોડ ઘટના સ્થળે પહોંચી ગયાં હતાં અને મૃતકની લાશનો કબજો લઈ નજીકના દવાખાને પીએમ અર્થે રવાના કરી દેવામાં આવ્યો છે. દાહોદ રેલ્વે પોલીસ દ્વારા આ મામલે જરૂરી કાર્યવાહી કરી મૃતકના પરિવારજનોની શોધખોળ આરંભી છે.

# ઝાલોદના ડુંગરી ગામે મુસાફર ભરેલ ક્રુઝર ગાડીનું ટાયર ફાટતાં મહિલા મુસાફર બહાર પટકાતા મોત

દાહોદ,

ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે એક ક્રુઝર ફોર વીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતા અચાનક ગાડીનું ટાયર ફાટતાં અંદર બેઠેલ એક મહિલા પેસેન્જર ગાડીમાંથી ફંગોળાતા તેને કહીએ તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા મહિલાનું મોત નિપજયાનું જાણવા મળે છે.

ગત તારીખ ૧૮મી ઓક્ટોબરના રોજ એક ક્રુઝર ફોર વ્હીલ ગાડીનો ચાલક પોતાના કબજાની ક્રુઝર ગાડીમાં પેસેન્જર ભરી ઝાલોદ તાલુકાના ડુંગરી ગામેથી ખોડીયાર માતા મંદિર પાસેથી પોતાના કબજાની ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન અચાનક ફોર વ્હિલર ગાડીનું ટાયર ફાટતાં અંદર સવાર ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે ગેંગતીયા ફળિયામાં રહેતી રમીલાબેન ચાલુ ગાડીએ ફંગોળાઈ જમીન પર પડી જતા તેઓને શરીર તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે ગાડીનો ચાલક અકસ્માત સર્જી નાસી ગયો હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ સંબંધે ડુંગરી ગામે ગેંગતીયા ફળિયામાં રહેતા સોમાભાઈ રામસિંગભાઈ હઠીલાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ પાંદડી ગામે ઘર આંગણે પાર્ક કરેલ બોલેરો ગાડીની ચોરી થતાં ચકચાર

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના પાંદડિ ગામે એક વ્યક્તિએ પોતાની ફોરવીલર બોલેરો ગાડી કિંમત રૂપિયા બે લાખની ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી.આ બોલેરો ગાડીને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

ગત તારીખ ૧૮મી ઓક્ટોબરના રોજ પાંદડી ગામે પટેલ ફળિયામાં રહેતા કમલેશભાઈ માનાભાઈ પસાયાએ પોતાની આશરે બે લાખની કિંમતની બોલેરો ફોરવ્હિલ ગાડી પોતાના ઘરના આંગણે લોક મારી રાત્રિના સમયે પાર્ક કરી હતી. ત્યારે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી બોલેરો ગાડીનું લોક તોડી બોલેરો ગાડીની ચોરી કરી લઈ જતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ સંબંધે કમલેશભાઈ માનાભાઈ પસાયાએ જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હિંદુ રક્ષા મંચ ગોધરા દ્વારા કાશ્મીર બંગલાદેશમાં હિંદુઓની હત્યાના વિરોધમાં આવેદનપત્ર આપવામાં આવ્યું



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

હિંદુ રક્ષા મંચ ગોધરા દ્વારા આજ રોજ મહામહિમ રાષ્ટ્રપતિને ઉદ્દેશીને પંચમહાલ જિલ્લા સમાહર્તા મારફત આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. જેમાં હિંદુ રક્ષા મંચ એ આજરોજ આવેદન પત્ર આપીને જણાવ્યું હતું કે, કાશ્મીરમાં હિન્દુઓ નામ પૂછી પૂછીને હિંદુઓની મુસ્લિમ આતંકવાદીઓ ગોળીઓ મારી રહ્યા છે. હાલમાં જ બંગલાદેશમાં હિન્દુઓની હત્યા કરવામાં આવી. મંદિરો અને ભગવાનની મૂર્તિ ઓ તોડવામાં આવી, ૬૦ જેટલા હિંદુઓના ઘરો સળગાવી દેવામાં આવ્યા. આમ, હિંદુઓ વિરૂદ્ધ બહુ મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે. ૧૯૭૧માં બંગલાદેશમાં ૨૫% હિન્દુઓ હતા, આજે ત્યાં માડ ૯% હિન્દુઓ બચ્યા છે. ત્યારે હિંદુ રક્ષા મંચ માંગણી કરે છે કે, ભારત સરકાર બંગલાદેશ પર દબાણ લાવી હિન્દુઓની કતલે આમ રોકાવે, તેમને ત્યાંની સરકાર પૂરતું રકમનું વળતર આપી તેમની પુનઃ સ્થાપના કરે, તેમજ જે પણ આતંકવાદીઓને આપણા જવાનો મારી નાખે તે તમામ આતંકવાદીઓને અગ્નિદાહ આપવામાં આવે, કેમકે બધાજ મુસ્લિમો કહે છે કે આતંકવાદ ને કોઈ ધર્મ નથી હોતો તો પછી આતંકવાદીઓની લાશોને દફનવિધિ કરવામાં ના આવવી જોઈએ. આવેદનપત્ર આપવામાં હિંદુ રક્ષા મંચના નગર અદયક્ષ દીપેશસિંહ ઠાકોર, લીગલ સેલના યશ શાહ, પ્રશાંત દેસાઈ, મિતેશ પટેલ, દેવેશ પટેલ, નિર્મિત દેસાઈ, રાજેશ ચૌહાણ, બ્રજેશ ઠાકોર સહિત અનેક કાર્યકર્તા જોડાયા હતા.

# લીમખેડા ખાતેના જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ માટે ઓનલાઇન અરજી કરવાની રહેશે

દાહોદ,

લીમખેડા ખાતેના જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ ૬ માં વર્ષ ૨૦૨૨–૨૩ માં પ્રવેશ માટે ઓનલાઇન આવેદન ગત તા. ૨૩ સપ્ટેમ્બરથી શરૂ કરવામાં આવ્યું છે. આવેદન ભરવાની છેલ્લી તા. ૩૦–૧૧–૨૦૨૧ છે. આ માટે દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા, ધાનપુર, ગરબાડા, લીમખેડા, સીંગવડ તાલુકાઓમાં ધોરણ ૫ માં ભણતાં બાળકો ઓનલાઇન અરજી કરી શકશે. પ્રવેશ પરીક્ષા તા. ૨૩–૪–૨૦૨૨ ના રોજ ૧૧ વાગ્યે યોજાશે. આવેદન કરનારા વિદ્યાર્થીઓ વેબસાઇટ www.navodaya.gov.in પરથી માહિતી મેળવી ઓનલાઇન ફોર્મ ભરવાનું રહેશે. આ અંગે વધુ માહિતી માટે ફોન નં. ૦૨૬૭૭–૨૨૯૬૧૭ ઉપર સંપર્ક કરી શકાશે તેમ જવાહર નવોદય વિદ્યાલયના આચાર્ય પી.એસ. સાબલેએ જણાવ્યું છે.

# પાવાગઢ છાન તલાવડી ગામે ખેતર માંથી બે લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

પાવાગઢ,

પાવાગઢ પોલીસ મથક વિસ્તારના છાન તલાવડી ગામે બે ઈસમો દ્વારા દારૂનો જથ્થો લાવીને ખેતરમાં રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ઈંગ્લીશ દારૂ કિંમત ૨,૦૪,૦૦૦/–રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે પાવાગઢ પોલીસ મથક વિસ્તારના છાન તલાવડી ગામની સીમમાં આવેલ ખેતરમાં યુવરાજ ઉર્ફે ભચલું શૈલેષભાઈ બારીયા (રહે. પાલનપુર) અને સુભાષભાઈ જશવંતભાઈ પરમાર (શીવરાજપુર) એ ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવીને સંતાડેલ હોય તેવી બાતમીના આધારે પાવાગઢ પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન ઈંગ્લીશ દારૂના કવાટરીયા નંગ–૨૪૦ કિંમત ૨,૦૪,૦૦૦/– રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. પોલીસ કાર્યવાહી દરમિયાન બન્ને ઈસમો સ્થળ ઉપર મળી આવ્યા ન હતા. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

# અતિવૃષ્ટિના સરકારી પેકેજ સામે પીડિત ખેડૂતોનો સવાલ

જામનગર,

કૃષિ સહાય અંગે કોંગ્રેસ પ્રવક્તા જયરાજસિંહ પરમારે રાજ્ય સરકાર પર પ્રહાર કર્યા છે. કહ્યું છે કે, સરકારે જે સહાય જાહેર કરી છે, તે મેળવવા ખેડૂતોએ ઘણી મુશ્કેલીઓમાંથી પસાર થવું પડશે. ત્યારે આ સહાય પર ખેડૂતોના સવાલો પણ ઉભા થાય છે. અને અસંતોષ પણ જોવા મળી રહ્યો છે. ખેડૂતોનું કહેવું છે કે જામનગર, જૂનાગઢ, પોરબંદર અને રાજકોટના અસરગ્રસ્તોને સહાય મળશે? ફક્ત ચાર જિલ્લાઓના ખેડૂતોને સહાય કેમ? અન્ય જિલ્લાઓના ખેડૂતોને સહાય મળશે કે નહી? અન્ય જિલ્લાઓના ખેડૂતોને કેવી રીતે મળશે રાહત ? અન્ય જિલ્લાઓ માટે શું રહેશે સહાય? સરકારના નિર્ણયથી અન્ય અસરગ્રસ્તોમાં વધશે રોષ જોવા મળી રહ્યો છે.અતિવૃષ્ટિના કારણે ગુજરાતમાં સૌથી વધુ સૌરાષ્ટ્રના ખેડૂતોના પાકને નુકસાન થયું છે. ત્યારે અતિવૃષ્ટિથી થયેલા નુકસાન માટેનું રાજ્ય સરકાર આજે રાહત પેકેજની જાહેરાત કરશે. કેબિનેટની બેઠક બાદ આ કૃષિ રાહત પેકેજની જાહેરાત કરાશે. સરકારનું આ કૃષિ પેકેજ કેવુ હશે તેના પર નજર કરીએ તો, સરકાર પ્રતિ હેક્ટર ૧૩ હજાર રુપિયા સહાય કરશે. વધુમાં વધુ બે હેક્ટર નુકસાનીમાં સહાય અપાશે. ૩૩ ટકા કરતા વધુ નુકસાન થયું હોય તેવા ખેડૂતોને જ સહાય અપાશે. માત્ર જામનગર, રાજકોટ, પોરબંદર અને જુનાગઢ જીલ્લાના ખેડૂતોને સહાય મળશે. SDRF ના ધોરણ કરતા વધારાની રકમ રાજ્ય સરકાર બજેટમાંથી આપશે. ૨૫ ઓક્ટોબરથી ૨૦ નવેમ્બર સુધી ખેડૂતોએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. ત્યારે આ પેકેજને લઈને ખેડૂતોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

# ગુજરાત યુથ કોંગ્રેસને દિલ્હીનું તેડું નવા સંગઠન મુદ્દે ચર્ચા

અમદવાદ,



યુથ કોંગ્રેસમાં વિખવાદ ના થાય તે માટે યુથ કોંગ્રેસના ઈલેકશનના પરિણામ અગાઉ જ યુથ કોંગ્રેસના ૨૦થી વધુ હોદેદારોને દિલ્લી ખાતે બોલાવવામાં આવ્યા છે. દિલ્લી પહોંચેલા હોદેદારો સાથે સિનિયર નેતા બેઠક કરશે. બેઠકમાં યુથ કોંગ્રેસના ઈલેકશનના પરિણામ અંગે ચર્ચા કરવામાં આવશે જે બાદ નવા સંગઠન વિષે પણ ચર્ચા કરવામાં આવશે પરિણામ અને નવા સંગઠન મામલે કોઈ વિખવાદ ના થાય તે માટે ચર્ચા કરવામાં આવશે અને કેટલાક હોદેદારો સાથે અલગથી પણ બેઠક કરવામાં આવશે. યુથ કોંગ્રેસના હોદેદારો ગુજરાત પરત આવ્યા બાદ યુથ કોંગ્રેસના ઈલેકશનનું પરિણામ પણ જાહેર થશે. ગુજરાત યુથ કોંગ્રેસનું થોડા દિવસ અગાઉ જ ઈલેકશન યોજાયું હતું. જેનું પરિણામ હજુ બાકી છે ત્યારે પરિણામ અગાઉ જ યુથ કોંગ્રેસના પદાધિકારીઓને દિલ્લીથી તેડું આવ્યું છે. ૨૦થી વધુ હોદેદારો આજે દિલ્લીમાં હાજર છે જયારે ઈલેકશન,પરિણામ અને નવા સંગઠન અંગે ચર્ચા થશે.

# મોરવા(હ) રતનપુર ગામે ૩૫ વર્ષીય યુવાને બિમારીની કંટાળી ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યું

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના રતનપુર પગી ફળીયામાં રહેતા ૩૫ વર્ષીય યુવાને હદયની બિમારીના કારણે કંટાળી જઈ ઘરના મોભા ઉપર દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના રતનપુર ગામે પગી ફળીયામાં રહેતા દિનેશભાઈ રાયસીંગભાઈ ઉ.વ.૩૫ છેલ્લા ત્રણ વર્ષથી હદયની બિમારી હોય અને તબીયત સારી રહેતી ન હોય જેને લઈ કંટાળી જઈ પોતાના ઘરમાં મોભ સાથે દોરડા વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરીને મોતને વ્હાલું કર્યું. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.51

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## ગોધરા તાલુકાના વડેલાવમાં : આ તો કેવી ગોલમાલ...

# વડેલાવ ગ્રામ પંચાયતમાં તલાટી અશ્વિન પટેલની ધમાચકડી... અનીતિની વાટ પકડી

## ગામના જરૂરીયાતમંદ લાભાર્થીઓને આવાસનો લાભ ન આપી પાકા મકાન ધરાવતા ગ્રામજનોને આવાસો આપવામાં આવ્યા






ગોધરા,

ગોધરા તાલુકાના વડેલાવ ગ્રામ પંચાયતમાં વિકાસલક્ષી કામકાજ દરમિયાન વ્યાપક ભ્રષ્ટાચાર ગેરરીતિઓ અને અનેક પ્રકારના વહીવટીમાં છબરડાઓ ચાલતા હોવાનું જાણે કે અંધેરી નગરી જેવો વહીવટ ગ્રામ પંચાયત વડેલાવમાં ચાલતો હોવાનું ગ્રામજનો દ્વારા જાણવા મળી રહ્યું છે.

ઉલેખનિય છે કે, વડેલાવ ગ્રામ પંચાયતમાં મહિલા સરપંચ હોઈ ત્યાંનો વહીવટ મહિલા સરપંચના પતિ કાળુભાઈ અને તલાટી અશ્વિન પટેલ તેમજ તેઓના અન્ય વચોટીયાઓ દ્વારા કરવામાં આવતો હોવાનું અને તેઓ દ્વારા વડેલાવ ગ્રામ પંચાયતમાં રાજ્ય સરકારની વિવિધ ગ્રાન્ટમાંથી રોડ-રસ્તા, નાળા, બોર મોટર, હેન્ડપંપ, સીસી રોડ, પેવરબ્લોક, શૌચાલયો, પ્રધાનમંત્રી આવાસ, ચેકડેમ, ચેકવોલ, કેટલ શેડ, કુવા તેમજ મનરેગા યોજના હેઠળ અન્ય કામો સહીતના થતાં વિકાસના કામોમાં ભારે ગેરરીતિ આચરી ભ્રષ્ટાચાર કર્યામાં આવ્યો હોવાનું વડેલાવના ગ્રામજનો સાથે સાથે ગામના યુવાનો જણાવી રહ્યા છે. અને વડેલાવમાં કરવામાં આવેલા વિકાસના કામોની સ્થળ તપાસ કરી તે વિકાસલક્ષી કામોમાં ગેરરીતિ આચરનાર સામે કડક પગલાં લેવાની માંગ ગ્રામજનો કરી રહ્યા છે.

વડેલાવ ગ્રામ પંચાયતમાં વિકાસના કામો ખાલી કાગળ ઉપર કર્યા હોવાનો ગ્રામજનો દ્વારા આક્ષેપ તલાટી અશ્વિન પટેલ અને મહિલા સરપંચના પતિ કાળુભાઈ સામે કર્યો છે. ગ્રામજનો દ્વારા મળતી માહિતી મુજબ ગામના લોકો ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. પરંતુ ખેતી કરવા માટે ગામની સિંચાઈની સુવિધા ન હોવાના કારણે વરસાદી ખેતી કરી અન્ય દિવસોમાં ગામના યુવાનો રોજગારી માટે ગુજરાત રાજ્યના અનેક શહેરોમાં જતા હોય છે. અને બહારગામ રહી મજુરી કરી પોતાના પરિવારનું ગુજરાત ચલાવે છે. કેન્દ્ર સરકારે બેરોજગાર લોકો માટે ગામમાં જ સો દિવસની રોજગારી મળી રહે તે માટે મનરેગા યોજના અમલમાં લાવ્યા છે. પરંતુ આજદિન સુધી વડેલાવના ગ્રામજનોને કે બેરોજગાર યુવાનોને આ યોજના અંતર્ગત કોઈ રોજગારી આપી ન હોવાનું અને તેઓના નામે કે તેઓના કુટુંબના સભ્યોના નામે ગ્રામ પંચાયત કચેરી ખાતે જોબકાર્ડ બનેલા છે કે નથી તેની જાણ પણ ગ્રામજનો નથી હોવાનું લોકો જણાવી રહ્યા છે. ત્યારે સવાલ એ થાય છે કે, મનરેગા યોજના હેઠળ ગામના બેરોજગાર યુવાનો માટે સો દિવસની રોજગારી આપવાની હોય છે. તે રોજગારી ખરેખર ગામના

- વડેલાવ ગ્રામ પંચાયતમાં તલાટી અશ્વિન પટેલ અને મહિલા સરપંચના પતિ કાળુના કારનામા.... ભ્રષ્ટાચારની બોલબાલા.
- ગુજરાત વિકાસ મોડલનું સૂરસુરીયા બોલાવી ગુજરાત વિકાસ મોડેલને લાંછન લગાડતા તલાટી અશ્વિન પટેલ અને સરપંચનો પતિ કાળુ.
- વડેલાવ ગ્રામ પંચાયતના કૌભાંડી તલાટી અશ્વિન પટેલ અને મહિલ સરપંચના પતિએ પોતાની સત્તાનો દુરઉપયોગ કરી લાખો રૂપીયાનો ભ્રષ્ટાચાર કરી નાખ્યો હોવાની ઉઠેલી ફરિયાદો.
- વડેલાવ ગ્રામ પંચાયત વિસ્તારમાં વિકાસના કામોમાં ભારે ગેરરીતિ હોવાની લાલીયાવાડી.

જરૂરીયાતમંદ લોકોને આપવામાં આવેલ નથી. તો ગામમાં બનેલ જોબકાર્ડધારકોને કેટલા દિવસની રોજગારી આપવામાં આવી અને તેના નાણાં કોને ચુકવવામાં આવ્યા તેની તપાસ થવી જરૂરી બની છે.

વડેલાવ ગ્રામ પંચાયતનો વિસ્તાર બહોળો હોવાના કારણે ગામના લોકો અનેક ફળીયામાં વસવાટ કરે છે. તેઓને અવરજવર કરવા માટે આજદિન સુધી કોઈપણ પ્રકારના પાકા રોડ કે રસ્તાની સુવિધા નથી. પરંતુ કાગળ ઉપર કેટલીક જગ્યાએ સીસી રોડ બનાવ્યા હોવાનું અને તેઓનું લાખોમાં ચુકવણું કર્યું હોવાનું સામે આવી રહ્યું છે. તેમાં ગ્રામજનો જણાવી રહયા છે કે, ગામમાં બે-ત્રણ જગ્યાએ સીસી રોડ બનાવવામાં આવ્યા હતા. પરંતુ તે હલ્કી ગુણવત્તા તકલાદી સ્વરૂપમાં બનાવ્યા હોવાના કારણે આજે તે જગ્યા સીસી રસ્તા બનાવ્યા હોવાનું નામો નિશાન જોવા મળતું નથી.

વડેલાવ ગ્રામ પંચાયતના વિસ્તારોમાં વિકાસના કામો કરવા અને ગામના લોક કલ્યાણ માટે સરકાર તરફથી લાખો રૂપીયાની ગ્રાન્ટો આવેલી છે. અને આ ગ્રાન્ટો દ્વારા ગામમાં માટી-મેટલનું કામ ૧૪માં નાણા પંચ અંતર્ગતના કામો પેવરબ્લોક, સીસી રોડ, શૌચાલય બનાવવા માટે તેમજ ઘરવિહોણા ગરીબો માટે પ્રધાનમંત્રી આવાસ સાથે સાથે અન્ય કેટલાક વિકાસના કામો માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. પરંતુ ગ્રામ પંચાયતના ભ્રષ્ટરૂપી તલાટી અશ્વિન પટેલ અને મહિલા સરપંચના પતિએ એવી કલાકારી કરી છે કે, વડેલાવ ગામની ગરીબ ભોળી પ્રજાને જોતાં લાગી રહ્યું છે કે, તેઓ આવી ગ્રાન્ટો થી અજાણ છે. જેના કારણે તેઓના વિકાસ કામો થતાં નથી. વડેલાવ ગામમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શૌચાલયોની કામગીરીમાં ગેરરીતિ આચરી કાગળના ઘોડા જેવાં તકલાદી શૌચાલયો ઉભા કરી દેવામાં આવ્યા હોવાની રાવ લાભાર્થીઓ દ્વારા કરવામાં આવી રહી છે. વડેલાવ ગામમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જે શૌચાલયો બનાવવામાં આવ્યા છે. તે શૌચાલયનો ઉપયોગ કરતાં ગ્રામજનો ગભરાઈ જતા હોય છે. તેવા શૌચાલયો ઉભા કરી કાગળ



ગત દોઢ માસ અગાઉ વડેલાવ ગામમાં રહેતા એક ઈસમની દિવાલના નીચે દબાઈ જતાં મોત નિપજવા પામ્યું છે. કાચાં છાપરામાં સુંઈ રહેલ એક વ્યકિત પોતાના પરિવાર સાથે રાત્રીના સમયે સુંઈ રહેલ હતા. ત્યારે કાચાં ઝુપડાની દિવાલ ધરાશાથી થતાં તેઓ ઉપર પડી જતાં તે દિવાલના નીચે દબાઈ જઈ પરિવારના મુખ્ય મોભી એવા પુરૂષની મોત નિપજેલ છે. તે સંદર્ભે ગ્રામજનો જણાવી રહ્યા છે કે, મૃત પામેલ વ્યકિતએ અગાઉ તેઓ માટે આવાસની માંગણી કરેલ હતી. પરંતુ મનસ્વી વર્તન ધરાવતા તલાટી અશ્વિન પટેલ અને સરપંચ અને તેમના પતિએ તેઓનું આવાસ મંજુર કરેલ નથી. આજે પણ વડેલાવ ગામમાં કાચાં છાપરામાં ઘણા પરિવાર પોતાના બાળકો સાથે જીવના જોખમે કાચાં ઝુપડામાં ગુજરાન કરી રહ્યા છે. આવા ગરીબ લોકોને હાલની સ્થિતીમાં પાકા મકાનની જરૂરીયાત છે. તે જરૂરીયાત વહેલીતકે પુરી થાય તેવી માંગ ગ્રામજનો દ્વારા કરવામાં આવી રહી છે.

ઉપર ખુલ્લામાં શૌચ મુકત ગામનો બોર્ડ લગાવવા માટે અને ઉપલા અધિકારીઓ ખુશ કરવા માટે તકલાદી શૌચાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં શૌચાલયના નામે ભારે ગેરરીતિ કરી હોવાની રાવ ગ્રામજનો દ્વારા કરવામાં આવી છે. ગ્રામજનો જણાવી રહ્યા છે કે, ગામમાં જે સામૂહિક શૌચાલય બનાવવામાં આવ્યું છે કે, સામૂહિક શૌચાલય મહિલા સરપંચના ઘરે તેઓના ઉપયોગ માટે બનાવી તેનો ખર્ચ સરકારી ચોપડે બતાવી ભારે ઉચાપત કરવામાં આવી હોવાના આક્ષેપો ગ્રામજનો લગાવી રહ્યા છે. તે સાથે વડેલાવના લોકો માટે જેમ બોર મોટર અને કુવા બનાવવા માટે જે ગ્રાન્ટ આવેલ છે તે ગ્રાન્ટનો ઉપયોગ મહિલા સરપંચના પતિએ પોતાના ઉપયોગમાં વાપરી પોતાના ઘર અને પોતાના ખેતરોમાં બોર-મોટર અને કુવાઓ બનાવ્યા હોવાનું લોકો જણાવી રહ્યા છે. શું આ સત્ય છે ? વડેલાવના ગ્રામજનો જણાવી રહ્યા છે કે, કેન્દ્ર સરકાર બેરોજગાર ગરીબ લોકોને રોજગારી આપવા માટે મનરેગા યોજના અમલમાં મૂકી છે. પરંતુ કૌભાંડ આચરવામાં માહિર બની બેઠેલા તલાટી અશ્વિન પટેલ અને મહિલા સરપંચના પતિએ પોતાના મનસ્વી વહીવટ અને સત્તાનો દુરઉપયોગ કરી ગામના ગરીબ લોકોને મનરેગા યોજના હેઠળ અત્યાર સુધી કોઈપણ પ્રકારનું કામ કે રોજગારી આપેલ નથી. પરંતુ ગામમાં ૩૦૦ ઉપરાંત લોકોના જોબકાર્ડ બનાવી દીધા હોવાનું તલાટી કમ મંત્રી અને સરપંચ જણાવી રહ્યા છે. ત્યારે સવાલ એ થાય છે કે, મનરેગા યોજના હેઠળ વડેલાવ ગામમાં અત્યાર સુધી જેટલા કામો કરવામાં આવ્યા છે. તે કામો કયા ગામના મજુરો થી કરવામાં આવ્યા છે. તે રોજગારી ભથ્થું કયા જોબકાર્ડ ધારકોને આપવામાં આવ્યું તેની નિષ્પક્ષ તપાસ થાય તો તલાટી અશ્વિન પટેલ અને મહિલા સરપંચના પતિના પગ તળે રેલો આવે તેમાં નવાઈ નહીં કહેવાય.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨૦૨૦ સુધી ગરીબ પ્રજાનું પોતાનું સ્વપ્નનું ઘર હોય તેવા ઉદ્દેશ સાથે પ્રધાનમંત્રી આવાસ યોજના અમલમાં મુકાઈ છે. તેના અંતર્ગત જીલ્લાન દરેક તાલુકાના અનેક ગરીબ લાભાર્થીઓને આ યોજના અંતર્ગત આવાસો મંજુર કરી તેઓને પોતાનું પાકું મકાન બનાવી આપેલ છે. પરંતુ વડેલાવ ગ્રામ પંચાયતમાં આવાસ યોજનામાં ભારે ગેરરીતિ આચરી હોવાની ગરીબ લાભાર્થીઓ જણાવી રહ્યા છે. કેમ કે, ગામમાં રહેતા કેટલાક ગરીબ જરૂરીયાતમંદ લોકો હાલની સ્થિતીમાં કાચાં છાપરામાં પોતાના પરિવાર સાથે રહે છે. તેવા ગરીબ લાભાર્થીઓને આવાસ મંજુર કરી આપેલ નથી. પરંતુ ગામમાં જે પાકા મકાન ધરાવે છે અને જે આર્થિક રીતે સંપન્ન હોય તેવા તેમજ જે ધંધાદારી વ્યાપારી લોકોને અને પોતાના સગા સંબંધીઓને તલાટી એવા અશ્વિન પટેલ અને સરપંચના પતિ દ્વારા આવાસની ફાળવણી કરી દેવામાં આવ્યા છે. અને ગરીબ જરૂરીયાતમંદ લોકોને તેનાથી વંચિત રાખ્યા અને ફકત આશ્વાસન આપી રહ્યા છે. તેવા ગરીબ લાભાર્થીઓને મળતાં તેઓ જણાવી રહ્યા છે કે, આવાસ યોજના મંજુર કરવા માટે ફોર્મ ભરવા, ફોટા પાડવા માટે ૫૦૦ થી ૧૦૦૦ રૂપીયાની માંગણી કરવામાં આવી રહી છે. અને તે નાણાં અમારા પાસે ન હોવાના કારણે અમોને તે લાભથી વંચિત રાખેલ છે. તેમજ કેટલાક આવાસના લાભાર્થીઓ કોઈ પણ પ્રકારનું કામ શરૂ કરેલ ન હોવા છતાં તેઓને પહેલા અને બીજા હપ્તાની રકમ ચુકવી દેવામાં આવી છે. ત્યારે ગરીબ લોકોને આવાસ મંજુર કરવા માટે ઘરમના ધકકા ખાવા પડી રહ્યા છે. ત્યારે સમગ્ર ઘટનાક્રમની જીલ્લાકક્ષાએથી તપાસ કરવામાં આવે તેવી ઘર વિહોણા ગ્રામજનોની માંગ ઉઠવા પામી છે.

## ગરીબ પ્રજા માટે આવેલ સરકારી યોજનાઓમાં ભ્રષ્ટાચાર આચરી પોતાની મનમાની કરનાર તલાટી અશ્વિન પટેલ અને મહિલા સરપંચના પતિ પર લગામ કોણ લગાવશે ??

# પંચમહાલ જીલ્લામાં ન્યુમોકોકલ કોંજુગેટ (PCV) રસી આપવાની શરૂઆત



ગોધરા,

પંચમહાલ જિલ્લામાં આજથી બાળકોને ૨૦મી ઓક્ટોબરથી ન્યુમોકોકલ કોંજુગેટ વેક્સિન (પીસીવી) વિનામૂલ્યે આપવાનો શુભારંભ કરવામાં આવ્યો છે. પટેલવાડા અર્બન હેલ્થ સેન્ટર, ગોધરા ખાતે આ નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં આરસીએચઓ ડો. પી.કે. વાસ્તવે જણાવ્યુ હતું કે, ભારત સરકાર દ્વારા નિયમિત રસીકરણ કાર્યક્રમમાં તા. ૨૦મીથી એક નવી વેક્સિન પીસીવીને સામેલ કરવામાં આવી છે. આ રસીથી બાળકોને ન્યુમોનિયા તથા મગજના તાવ સામે સુરક્ષા પ્રદાન કરવામાં મદદ મળશે. અત્યાર સુધી ટીબી, પોલિયો, ડીપ્થેરિયા, હિપેટાઈટિસ બી, ટીટેનસ, મિસલ, રૂબેલા અને રોટા વાયરસના જેવી ગંભીર બિમારીથી રક્ષણ આપતી રસી સરકાર તરફથી વિનામૂલ્યે દરેક સરકારી દવાખાનામાં ઉપલબ્ધ છે. જેમાં સૌથી મોંઘી એવી ન્યુમોકોકલ કોંજુગેટ વેક્સિન હવે સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમમાં દરેક સરકારી દવાખાના પર વિનામૂલ્યે મળી રહેશે. આ રસીના કુલ ત્રણ ડોઝ દોઢ મહિને સાડા ત્રણ મહિને અને નવ મહિના બાદ બુસ્ટર ડોઝ આપવામાં આવશે. ઉલેખનીય છે કે, ન્યુમોકોકલ કોંજુગેટ વેક્સિન આપવાથી ન્યુમોકોકલ ન્યુમોનિયાના કારણે થતા ૩૦ થી ૩૫ ટકા બાળકોનું જીવન બચાવી શકાશે અને બાળ મુત્યુદર ઘટાડવામાં મદદરૂપ થશે. હાલમાં ૨૪ કલાક કાર્યરત ઈવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને યુએચસી ખાતે આ વેક્સીન ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જિલ્લામાં કુલ ૫૦ થી વધુ બાળકોને આ રસી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં એડીએચઓ જે.પી. પરમાર, ડો. અલકેશ પરમાર સહિતના આરોગ્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા.

# હાલોલ પાલિકા સફાઈ કામદારોની પ્રતિક હડતાળને લઈ ખાનગી સફાઈ કામદારો પાસે સફાઈ કરાવતા મામલો બિચકયો



હાલોલ,

હાલોલ પાલિકા સફાઈ કામદારો પડતર માંગણીઓને લઈને પ્રતિક ઉપવાસ આંદોલન શરૂ કર્યું છે. ત્યારે પાલિકા દ્વારા પ્રાઈવેટ કોન્ટ્રાકટર દ્વારા પાલિકા વિસ્તારમાં સફાઈ કામગીરી કરવામાં આવતાં પ્રાઈવેટ સફાઈ કામદારોને રોકવામાં આવ્યા હતા અને હોબાળો મચી જતાં પોલીસ દોડી આવી હતી અને મામલો થાળે પાડવાની કોશીષ કરી હતી.

હાલોલ પાલિકાના સફાઈ કામદારો પડતર માંગણીઓને લઈ પ્રતિક ઉપવાસ આંદોલન શરૂ કર્યું છે. ત્યારે હાલોલ પાલિકાના સત્તાધિશો સફાઈ કામદારોના પ્રશ્નો અંગે વિચારવાના સ્થાને પ્રાઈવેટ સફાઈ કોન્ટ્રાકટરનો સંપર્ક કરીને પ્રાઈવેટ સફાઈ કામદારો દ્વારા નગરમાં સફાઈ કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેને લઈ પ્રતિક ઉપવાસ ઉપર ઉતરેલ પાલિકા સફાઈ કામદારો રોષ સાથે પ્રાઈવેટ સફાઈ કામદારોને સફાઈ કરતાં રોકવામાં આવતાં ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. પાલિકા સફાઈ કામદારો અને પ્રાઈવેટ સફાઈ કામદારો વચ્ચે મામલો ગરમાતા હાલોલ પોલીસ સહિત પાલિકા પ્રમુખ અને સભ્યો દોડી આવ્યા હતા. પાલિકા સફાઈ કામદારો દ્વારા પાલિકા પ્રમુખ સહિત સભ્યો વિરૂદ્ધ નારે બાજી કરીને હુરીયો બોલાવ્યો હતો. પાલિકા સફાઈ કામદારોની હડતાલને પાલિકા દ્વારા અવગણવામાં આવતાં પાલિકાના સફાઈ કામદારો રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા.

# ગોધરા ST નિગમના કર્મચારીઓની હડતાલ મોકૂફ રખાઈ



ગોધરા,

ગોધરા શહેર ખાતે આવેલા મુખ્ય એસ.ટી.બસ મથક ખાતે એસ.ટી. બસના કર્મચારીઓએ પોતાના પડતર પ્રશ્નો અને માંગણીઓને લઈ ઘંટરાવ નો કાર્યક્રમ કરી દેખાવો યોજાયો. ત્યારે એસ.ટી. કર્મચારીઓના જણાવ્યા અનુસાર આજ રાત્રીના ૧૨ વાગ્યા સુધીમાં સરકાર અને એસ.ટી. વિભાગ દ્વારા અમારા પડતર પ્રશ્નો અને મંગણીઓનો કોઈ સચોટ નિરાકરણ નહીં આવે તો એસ.ટી.બસના પૈડાં થભાંવવાની ચીમકી પણ હાલ તો ઉચ્ચારી હતી.

ગુજરાત એસ.ટી.ના સંગઠનોનું સંયુકત આંદોલન વધુ વેગ પકડતા એસ.ટી.ના કર્મચારીઓ પોતાના પડતર પ્રશ્નો અને માંગણીઓને લઈ રાજ્યભરમાં આંદોલન કરી રહ્યા છે. ત્યારે ગોધરા વિભાગના પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાના એસ.ટી. ના કર્મચારીઓ પણ આ આંદોલનમાં સુર પુરાવતા હોય તેમ આજે ગોધરા બસ સ્ટેન્ડ ખાતે એસ.ટી. કર્મીઓ એકઠા થઈ પોતાના પડતર પ્રશ્નો અને માંગણીના અનુસંધાનમાં થાળી અને ઘંટરાવનો કાર્યક્રમ યોજી દેખાવો કર્યા હતા. જેમાં કર્મીઓના જણાવ્યા અનુસાર જો સરકાર અને એસ.ટી.વિભાગ અમારી માંગણીઓ નહીં સ્વીકારે તો આજે મધ્ય રાત્રી થી એસ.ટી.બસના પૈડાં થંભાવી દેવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. જેમાં ગોધરા ડિવિઝનમાં હાલ ત્રણ જિલ્લાના મળી કુલ ૫૬૦ બસો પૈકી હાલ ૫૫૩ બસો કાર્યરત છે અને ૨૨૫૦ કર્મચારીઓ પોતાની ફરજ બજાવી રહ્યા છે. ત્યારે માંગણીઓ નહીં સંતોષાય કે જે તે નિર્ણય નહીં લેવામાં આવે તો નાછૂટકે કર્મીઓ પોતાની કામગીરી થી અળગા રહેવાની ફરજ પડશે. ત્યારે કર્મચારીઓની માંગણી મુજબ ફિક્સ પગારના કામદારોનું હાલ જે વેતન છે. તેમાં વધારો કરવો, સાતમા પગાર પંચમાં તમામ મળતા ભથ્થાઓની અમલવારી કરવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી હતી. ત્યારે આગામી સમયમાં દિવાળીનો તહેવાર હોઈ જો એસ.ટી. કર્મચારીઓની માંગણીઓ નહીં સંતોષાય તો આંદોલન વધુ વકરશે તેને ધ્યાનમાં લઈ સરકારે એસ.ટી. વિભાગના કર્મચારીઓના પડતર માંગોને લઈને બેઠક યોજાઈ હતી તેમાં એસ.ટી. કર્મચારીઓની મોટા ભાગની માંગ સ્વિકારાઈ હતી. અને એસ.ટી. વિભાગના યુનિયનની હડતાળ મોકૂફ રખાઈ.

## ગોધરા APMC ખાતે કોરોના રસીકરણ કરવામાં આવ્યું



ગોધરા,

ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિ, ગોધરા ખાતે કોરોના મહામારીનો જડમૂળથી નાશ કરવાના હેતુસર રસીકરણ અભિયાનમાં ગોધરા શહેરના નાગરિકોનું રસીકરણ કરવામાં આવેલ. આ રસિકરણનો લાભ માર્કેટિંગ યાર્ડના વેપારીઓ અને ખેડૂતો સહિત ગોધરા નગરજનોએ લીધેલ હતું. આરોગ્ય વિભાગ પંચમહાલ ના અર્બન હેલ્થ સેન્ટર ખાડી ફળિયાના કર્મચારીઓ રસીકરણ કરવામાં આવેલ. રસિકરણ કેમ્પની ખાસ મુલાકાત ડો. યોગેશભાઈ પંડયા ઉપ પ્રમુખ, પંચમહાલ જિલ્લા ભાજપા, રાજેન્દ્રસિંહ વી.ચૌહાણ, ચેરમેન, એપીએમસી ગોધરા, અરવિંદસિંહ પરમાર, દંડક જિલ્લા પંચાયત પંચમહાલ, સરદારસિંહ પટેલ પ્રમુખ ગોધરા તાલુકા ભાજપા એ કરેલ હતી અને ખેડૂતો અને નગરજનોને રસીકરણ માટે પ્રોત્સાહિત કરેલ છે.

## ગોધરા અને કાલોલ ખાતે યોજાનાર કાર્યક્રમમાં PMJAY-MA કાર્ડનું વિતરણ કરાયું

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં આવતીકાલે તા. ૨૧.૧૦.૨૦૨૧નાં રોજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજયમંત્રી નિમિષાબેન સુથારના અધ્યક્ષસ્થાને આપકે દ્વારા આયુષ્માન અંતર્ગત PMJAY-MA કાર્ડનો વિતરણ કાર્યક્રમ અને મેગા હેલ્થ કેમ્પનો ઉદઘાટન કાર્યક્રમ યોજાશે. જનરલ હોસ્પિટલ, ગોધરા ખાતે સવારે ૧૦.૦૦ કલાકે અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર, કાલોલ ખાતે બપોરે ૦૩.૦૦ કલાકે યોજાનાર આ કાર્યક્રમોમાં મહાનુભાવોના હસ્તે PMJAY-MA કાર્ડના લાભાર્થીઓને કાર્ડનું વિતરણ કરવા ઉપરાંત નવા લાભાર્થીઓની અરજી સ્વીકારવામાં પણ આવશે. આ ઉપરાંત મેગા હેલ્થ કેમ્પ અંતર્ગત વડોદરા, અમદાવાદથી મેમો ગ્રાફી અને પેપ સ્મીયર ટેસ્ટની સુવિધા ધરાવતા સંજીવની રથ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેનો લાભ વિવિધ લાભાર્થીઓ વિનામૂલ્યે મેળવી શકશે. કાર્યક્રમમાં દિવ્યાંગતા પ્રમાણપત્રો તેમજ દિવ્યાંગોને વિવિધ યોજનાઓ અંતર્ગત લાભોનું વિતરણ પણ કરવામાં આવશે. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ કુ.કામિનીબેન સોલંકી, સાંસદ રતનસિંહ રાઠોડ, ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી, હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, કાલોલના ધારાસભ્ય સુમનબેન ચૌહાણ તેમજ અતિથી વિશેષ તરીકે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ ઉપસ્થિત રહેશે તેમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નિમંત્રણમાં જણાવાયું છે.